
Friday, 20 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



જે કામ કાલે કરવાનું છે, એની ચિંતામાં આજનું કામ બગડી જશે અને આજના કામ વિના આવતીકાલનું કામ થશે નહીં, માટે આજનું કામ કરો તો આવતીકાલનું કામ આપોઆપ થઈ જશે.
- સરદાર વલ્લભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૨૫ ● સંવત-૨૦૮૩ કારતક સુદ દશમ/અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

દીવ મુલાકાતના બીજા દિવસે

સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે વિકાસના કામોની ગુણવત્તામાં નીતિ-નિયમો સાથે નિર્ધારીત માપદંડોનું સખ્તાઈથી પાલન કરવા સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને આપેલો કડક નિર્દેશ









પ્રશાસકશ્રીએ વિવિધ વિકાસ પ્રોજેક્ટોના અમલીકરણની સ્થિતિ, પ્રગતિ અને ગુણવત્તાની કરેલી વિગતવાર સમીક્ષા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૯


સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે પોતાની દીવ મુલાકાતના બીજા દિવસે જિલ્લામાં વિવિધ વિકાસ પ્રોજેક્ટોના અમલીકરણની સ્થિતિ, પ્રગતિ અને ગુણવત્તાની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે વિવિધ પ્રોજેક્ટોના કાર્યાન્વયન અને પૂર્ણ થવાના ચોક્કસ સમયની પણ જાણકારી માંગી હતી.

સંઘપ્રદેશના પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલે આજે દીવ ખાતે વરલી માતા સ્કૂલ, વણાંકબારા સ્કૂલ, આયુષ્યમાન આરોગ્ય મંદિર વણાંકબારા, નક્ષત્ર વન, ખુકરી મ્યુઝીયમ, જલંધર જંક્શન નજીક બાકી રહેલ જમીનના વિકાસ પ્રોમેનેડ અને ઓડીઆર-૪ના જંક્શન પર સ્થિત ગંગેશ્વર મંદિર સંકુલનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ પ્રશાસકશ્રીએ ફોર્ટ રોડ - પ્રોમેનેડ રોડના નમુનાઓ અને વૃક્ષારોપણ કાર્યમાં જોડાયા હતા. તેમણે પેન્સાઓ બેઈરા મારની ડિઝાઈન અને નાયડા ગુફાઓનું પણ નિરીક્ષણ કર્યું હતું.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે વિકાસ કામોની ગુણવત્તા અને સમય પાલનની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે બાંધકામ સહિત દરેક વિકાસના કામોની ગુણવત્તામાં નીતિ-નિયમો અને નિર્ધારીત માપદંડોનું સખ્તાઈથી પાલન કરવા સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને કડક નિર્દેશ આપ્યો હતો.

દમણના આલ્કેમ લેબોરેટરીઝના આમલિયા - દાભેલ પ્લાન્ટને US FDAનો વોર્નિંગ લેટર : ફાર્મા ઉદ્યોગમાં ખળભળાટ

US FDAના વોર્નિંગ લેટરની જાહેરાત બાદ આલ્કેમનો લેબ.નો શેર ૨.૧% ઘટીને રૂા.૫૧૧૫ પર પહોંચી ગયો



US FDA દ્વારા ૨૦ એપ્રિલથી ૧ મે, ૨૦૨૬ દરમિયાન દમણ આમલિયા પ્લાન્ટનું નિરીક્ષણ કર્યા બાદ ઓગસ્ટ ૨૦૨૬માં પ્લાન્ટનો દરજ્જો 'ઓફિશિયલ એક્શન ઈન્ડિકેટેડ' (OAI) જાહેર કરવામાં આવ્યો હતો અને હવે ગઈકાલ બુધવારે વોર્નિંગ લેટર જારી કરાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૯

દમણના આમલિયા - દાભેલ સ્થિત જાણીતી ફાર્માસ્યુટિકલ કંપની આલ્કેમ લેબોરેટરીઝના ઉત્પાદન પ્લાન્ટને અમેરિકાની ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (US FDA) દ્વારા વોર્નિંગ લેટર આપવામાં આવતા ફાર્મા ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે. ખાસ બાબત એ છે કે, કંપનીના દમણ આમલિયા-દાભેલના આ પ્લાન્ટનો હિસ્સો કંપનીની અમેરિકામાંથી થતી કુલ આવકમાં આશરે ૪૫ ટકા જેટલો છે. આથી FDAની કાર્યવાહીને કંપની માટે મહત્ત્વપૂર્ણ નિયમનકારી અને વ્યાપારિક ઘટનાના રૂપમાં જોવામાં આવી રહી છે. US FDAના વોર્નિંગ લેટરની જાહેરાત બાદ આલ્કેમનો શેર ૨.૧% ઘટીને રૂા.૫૧૧૫ પર પહોંચી ગયો.

એપ્રિલ - મેના નિરીક્ષણ બાદ કાર્યવાહી : પ્રાપ્ત વિગતો અનુસાર, US FDA દ્વારા ૨૦ એપ્રિલથી ૧ મે, ૨૦૨૬ દરમિયાન આમલિયા પ્લાન્ટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ બાદ ઓગસ્ટ ૨૦૨૬માં પ્લાન્ટનો દરજ્જો 'ઓફિશિયલ એક્શન ઈન્ડિકેટેડ' (OAI) જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ FDA દ્વારા વોર્નિંગ લેટર જારી કરવામાં આવ્યો છે. આ પત્રમાં નિરીક્ષણ દરમિયાન નોંધાયેલી ખામીઓના નિવારણ માટે યોગ્ય સુધારાત્મક અને નિવારક પગલાં લેવા જણાવાયું છે.

કંપનીએ શું સ્પષ્ટતા કરી? : આલ્કેમ લેબોરેટરીઝે ૧૯ નવેમ્બરે શેરબજારને કરેલી સત્તાવાર જાણમાં જણાવ્યું હતું કે, કંપની નિયત સમયમર્યાદામાં US FDAને જવાબ રજૂ કરશે. જોકે, વોર્નિંગ લેટર મળવા છતાં દમણના આમલિયા પ્લાન્ટમાંથી અમેરિકન બજાર માટે અગાઉથી મંજૂર થયેલી દવાઓનું ઉત્પાદન અને સપ્લાય ચાલુ રહેશે. કંપનીના જણાવ્યા મુજબ આ કાર્યવાહીની હાલની કામગીરી કે નાણાંકીય પ્રવૃત્તિઓ પર કોઈ નોંધપાત્ર અસર થઈ નથી.

દમણના ફાર્મા ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ ઘટના: દમણના ઔદ્યોગિક વિસ્તારમાં કાર્યરત આલ્કેમ લેબોરેટરીઝનો આમલિયા પ્લાન્ટ કંપનીના અમેરિકન બજાર સાથે જોડાયેલા વ્યવસાયની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. અહેવાલમાં આ પ્લાન્ટનો અમેરિકામાંથી થતી કંપનીની આવકમાં ૪૫ ટકા હિસ્સો હોવાનું જણાવાયું છે. જોકે, કંપનીની શેરબજારને કરાયેલી સત્તાવાર જાણમાં આ આંકડાની અલગથી પુષ્ટિ કરવામાં આવી નથી. હવે કંપની FDAની સૂચનાઓનું પાલન કરીને જરૂરી સુધારાત્મક પગલાં કેટલી ઝડપથી પૂર્ણ કરે છે તેના પર સૌની નજર રહેશે.

વાપીમાં જ્વેલર્સના ભાઈ પર જીવલેણ હુમલાના આરોપીઓ આઠ દિવસના રિમાન્ડ પર

દુબઈની જેલમાં બંધ હેરીના ઇશારે હુમલો કરાયાનો પોલીસ તપાસમાં ખુલાસો ૫ કરોડની ખંડણી માટે દુબઈમાં રચાયું હતું કાવતરું

(સંપૂર્ણ સમાચાર સેવા)
વાપી, તા.૧૯

ઔદ્યોગિક નગરી વાપીના ગાંધી માર્કેટ વિસ્તારમાં અભિષેક જ્વેલર્સના માલિક પ્રદીપ શાહના ભાઈ લલિત શાહ પર ધોળા દિવસે ધારદાર હથિયારોથી કરવામાં આવેલા જીવલેણ હુમલાના મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. વલસાડ જિલ્લા પોલીસની પ્રાથમિક તપાસમાં આ હુમલો રૂપિયા પાંચ કરોડની ખંડણી વસૂલવા માટે કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર કાવતરાના તાર દુબઈ સુધી જોડાયેલા હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓને ઝડપી પાડી આઠ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાપીના ગાંધી માર્કેટ વિસ્તારમાં આવેલી અભિષેક જ્વેલર્સના માલિક પ્રદીપ શાહના ભાઈ લલિત શાહ પર કેટલાક શખ્સોએ અચાનક ચાકુ, છરી અને કોયતા જેવા તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો હતો. ધોળા દિવસે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર બજાર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ગંભીર રીતે ઘાયલ લલિત શાહને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વાપી ટાઉન પોલીસ સહિત જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં મૂળ પંજાબના લવપ્રીતસિંહ નિર્મલસિંહ, જુગરાજ ઉર્ફે યુવરાજ સુખદેવસિંહ અને અમોલકસિંહ બક્ષિસસિંહની સંડોવણી સામે આવતાં ત્રણેયને ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ જ્વેલર્સ સંચાલકો પાસેથી પાંચ કરોડ રૂપિયાની ખંડણી મેળવવાના ઈરાદે હુમલાનું કાવતરું ઘડ્યું હતું. હુમલા પહેલાં આરોપીઓએ વેપારીઓની રેકી કરી હતી અને તક મળતાં હુમલાને અંજામ આપ્યો હતો.

તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, આરોપી જુગરાજ ઉર્ફે યુવરાજ અગાઉ દુબઈમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતો હતો. અકસ્માતના એક ગુનામાં દુબઈની જેલમાં હતો ત્યારે તેની મુલાકાત મૂળ પંજાબના હરજિંદરસિંહ ઉર્ફે હેરી ઢિલ્લોન સાથે થઈ હતી. હેરી પોતાને ગેંગસ્ટર તરીકે ઓળખાવતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. હેરીએ અગાઉ પણ જુગરાજને મુંબઈમાં એક ઈન્ટિરિયર ડેકોરેશન સર્વિસની ઓફિસમાં તોડફોડ કરવાનું કામ સોંપ્યું હોવાની વિગતો સામે આવી છે. ત્યારબાદ થોડા દિવસ પહેલાં હેરીએ જુગરાજનો સંપર્ક કરીને વાપીના જ્વેલર્સ સંચાલકો પાસેથી પાંચ કરોડ રૂપિયાની ખંડણી માગવા અને રકમ ન મળે તો હુમલો કરવા સૂચના આપી હતી. આ કામ માટે ત્રણેય આરોપીઓને રૂપિયા ૫૦-૫૦ હજાર આપવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

પોલીસ તપાસ અનુસાર, ત્રણેય આરોપીઓ ૧૨ મી તારીખે ટ્રેન મારફતે અમૃતસરથી વાપી આવ્યા હતા. અહીં એક હોટલમાં રોકાઈ તેમણે જ્વેલર્સ સંચાલકોની અવરજવર અને દિનચર્યાની રેકી કરી હતી. ત્યારબાદ ભોગ બનનાર લલિત શાહ બાથરૂમ માટે ગયા ત્યારે તકનો લાભ લઈ તેમના પર ધારદાર હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હતો.

હાલમાં ત્રણેય આરોપીઓ પોલીસ રિમાન્ડ હેઠળ છે. બીજી તરફ, સમગ્ર કાવતરાનો મુખ્ય સૂત્રધાર હોવાનું મનાતા હેરી ઢિલ્લોનની ભૂમિકા અને દુબઈ કનેક્શન અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.





નવી દીલ્હીમાં આયોજીત જનજાતીય ચિંતન બેઠકમાં દાનહના સાંસદ કલાબેન ડેલકરે આદિવાસીઓને સ્પર્શતા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓના ઉકેલ માટે કરેલી રજૂઆત



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૯

નવી દીલ્હી સ્થિત ભાજપા વિસ્તાર કાર્યાલયમાં આયોજીત જનજાતીય ચિંતન બેઠકમાં ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નબીન અને રાષ્ટ્રીય મહામંત્રી શ્રી બી.એલ.સંતોષના માર્ગદર્શનમાં આયોજીત કરવામાં આવી હતી. જેમાં દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે દાદરા નગર હવેલીના આદિવાસી સમાજ સાથે જોડાયેલ વિવિધ મહત્ત્વપૂર્ણ વિષયોને સંગઠન સમક્ષ પ્રભાવશાળી રીતે પ્રસ્તુત કર્યા હતા. તેમણે સ્થાનિક આદિવાસી ભાઈ-બહેનોની સમસ્યા, એમની મૂળભૂત આવશ્યકતા, વિસ્તારના વિકાસ સાથે જોડાયેલ મુખ્ય મુદ્દા અને આદિવાસી સમાજના અધિકારો અને હિતો જાળવવા સંબંધિત વિષય પર પોતાના વિચાર પ્રસ્તુત કર્યા સાથે આદિવાસી સમાજના સર્વાંગી અને એમના જીવન સ્તરને સુદૃઢ બનાવવા માટે આવશ્યક પહેલ પર પણ વિસ્તારથી ચર્ચા કરી હતી.



સુવિચાર - સદ્‌વિચાર

સપના નાના હોય કે મોટા,
શરૂઆત કરવાની હિંમત રાખશો તો સફળતા જરૂર મળશે.

કવિતા

આંખો ભરાઈ જાશે...

કોને ખબર છે ક્યારે? તારી જુદાઈ જાશે,
લાગે છે વૃક્ષનાં સૌ પર્ણો ગણાઈ જાશે.

એવાં વિચારે મારા છે શ્વાસ શ્વાસ રણઝણ,
એ આવશે ને પળમાં સઘળે છવાઈ જાશે!

એની નજર પડે આ સંયમ ઉપર તો સારું,
ઝાઝું હસાવશે તો શાયદ રડાઈ જાશે!

છે ભાગ્ય પર ભરોસો કે ચાલવા જશું તો,
રસ્તા વચાળે ઊંચી ભીંતો ચણાઈ જાશે!

તો પણ મને છે આશા કાગળની નાવ પાસે,
જાણું છું મેઘ વધતાં હમણાં તણાઈ જાશે.

તારા વિરહની પીડા એવી હદે વધી છે,
કે બોલવા જશું તો ગઝલો ગવાઈ જાશે.

મારા જીવન વિશે કૈં પૂછો નહીં તો સારું,
બાકી 'અગન' તમારી આંખો ભરાઈ જાશે.

- અગન રાજ્યગુરુ

આજની જોક

એક બેન દુધ લેવા ગયા, દુધવાળાએ દૂધ આપ્યું
બેને દુધ જોઈને કહ્યું: કાકા આમા કોઈ બીજો કલર નથી?
દુધવાળા ભાઈ : હળદર નાંખીને આપું ચાલશે?

કબીર વાણી



કબીરા સો ધન સંચિયે, જો આગે કો હોય
સીસ ચઢાયે પોટલી,લે જાત ન દેખો કોય

-અર્થાત-

આ દોહામાં કબીરદાસજી કહેવા માટે છે કે, એવું ધન, કર્મ અને પુણ્ય ભેગુ કરવું જોઈએ જે આગળ આપણાને કામ આવે. ભૌતિક ધન(સુખ-સુવિધા)ને જે આપણાને ભવિષ્યમાં કામ આવવાની નથી કે જે આપણે સાથે લઈ જવાના નથી માટે આ પ્રકારના ભૌતિક ધનનો સંચય કરવાથી શો લાભ.

ચાણક્ય ઉવાચ



તે પુત્રા યે પિતૃર્ભક્તા, સ પિતા યસ્તુ પોષકઃ।
તન્મિત્રં યત્ર વિશ્વાસઃ સા ભાર્યા યા નિવૃતિઃ ॥

-અર્થાત-

પુત્ર એ છે જે પિતાનો ભક્ત હોય, પિતા એ જે પરિવારનો પોષક હોય છે. મિત્ર એ છે જે વિશ્વાસપાત્ર હોય, પત્ની એ છે જે આજ્ઞાકારી અને હૃદયને આનંદ આપનારી હોય.

આજનો દિન વિશેષ

મેહુલી ઘોષ



મેહુલી ઘોષ (જન્મ ૨૦ નવેમ્બર ૨૦૦૦) એક ભારતીય રમત શૂટર છે. તે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય જુનિયર શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે છે.૧૨૩ સ્પર્ધકોમાં, સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં, તેણી વિશ્વમાં ૩૬મા અને એશિયામાં ૧૪મા ક્રમે હતી.

પ્રારંભિક કારકિર્દી: મેહુલી ૨૦૧૪ માં સેરામપોર રાઇફલ ક્લબમાં જોડાઈ. પ્રેક્ટિસ દરમિયાન આકસ્મિક રીતે એક વ્યક્તિને મારવા બદલ ક્લબ દ્વારા તેણી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બાદમાં, મેહુલીને ભૂતપૂર્વ ભારતીય ઓલિમ્પિક ફાઇનલિસ્ટ અને અર્જુન પુરસ્કાર વિજેતા, જોયદીપ કરમરકર દ્વારા માર્ગદર્શન અને કોચિંગ આપવામાં આવ્યું. તેણીએ જોયદીપ કરમરકર શૂટિંગ એકેડેમીમાં તાલીમ મેળવી. ૨૦૧૬માં, તેણીએ પુણેમાં યોજાયેલી ભારતીય રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય કર્યું. તેણીએ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં બે ગોલ્ડ મેડલ અને સાત સિલ્વર મેડલ મેળવ્યા. ૨૦૧૭ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં, મેહુલીએ આઠ ગોલ્ડ અને ત્રણ બ્રોન્ઝ મેડલ જીત્યા, અને તેને શ્રેષ્ઠ શૂટર તરીકે ગણવામાં આવી.

૨૦૧૭માં, તેણીએ ચેક રિપબ્લિકમાં યોજાયેલી પ્રિપેરેટરી જુનિયર શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો અને સાતમા સ્થાને રહી હતી. ૨૦૧૮ માં યુથ ઓલિમ્પિક્સ માટે ક્વોટા સ્થાન મેળવ્યું હતું. માર્ચ ૨૦૧૮ માં, તે મેક્સિકોમાં આયોજિત ISSF વર્લ્ડ કપમાં બે વર્લ્ડ કપ મેડલ જીતનાર સૌથી નાની ઉંમરના ભારતીય સ્પર્ધકોમાંની એક બની હતી. સ્પર્ધા દરમિયાન, તેણીએ એક નવો જુનિયર વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. મેહુલીએ ૨૦૧૮માં કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેવા માટે પણ ક્વોલિફાય કર્યું હતું.૨૦૧૮માં, ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં આયોજિત XXI કોમનવેલ્થ ગેમ્સમાં, તેણીએ માર્ટિના વેલોસો સાથે શૂટ-ઓફ પછી મહિલા ૧૦ મીટર એર રાઇફલમાં સિલ્વર મેડલ જીત્યો હતો.૨૦૧૯માં, તેણીએ નેપાળમાં દક્ષિણ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઘોષને ૨૦૨૦ માં સ્પોર્ટસ્ટાર એસિસ એવોર્ડ્સમાં 'ફીમેલ યંગ એથ્લીટ ઓફ ધ યર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

પ્રવાસ : ઉજ્જૈન



● મહાકાલેશ્વર જ્યોર્તિલિંગ મંદિર અને મહાકાલ લોક ભગવાન શિવને સમર્પિત બાર જ્યોર્તિલિંગોમાંનું એક, જે તેની ભસ્મ આરતી અને વિશાળ મહાકાલ લોક કોરિડોર માટે પ્રખ્યાત છે.

● **રામ ઘાટ :** ક્ષિપ્રા નદી કિનારે એક પ્રખ્યાત સ્નાન ઘાટ અને ધાર્મિક વિધિઓ અને કુંભ મેળા માટેનું કેન્દ્રિય સ્થળ.● હરસિદ્ધિ મંદિર અને કાલ ભૈરવ મંદિર: સ્થાનિક દંતકથાઓ અને તાંત્રિક/શૈવ પરંપરાઓ સાથે જોડાયેલા પ્રખ્યાત ઐતિહાસિક મંદિરો.● **સાંદીપનિ આશ્રમ:** ભગવાન કૃષ્ણના શિક્ષણ સાથે સંકળાયેલ.● **વેદશાળા (જંતરમંતર):** મહારાજા જયસિંહ બીજા દ્વારા ૧૭૨૫માં બાંધવામાં આવેલ એક ખગોળશાસ્ત્રીય વેધશાળા.● **કાલિયાદેહ મહેલ અને ભર્તૃહરિ ગુફાઓ.** શહેરની આસપાસના નોંધપાત્ર ઐતિહાસિક અને વારસાગત સ્થળો. મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય ઓક્ટોબરથી માર્ચ, જ્યારે તાપમાન હળવું હોય છે.

મોદીએ ઉદ્યોગપતિઓને સંભળાવી ખરીખોટી

અમે ટેક્સ ઘટાડ્યો, તમે કર્મચારીઓના પગાર વધાર્યા કે નહીં : વડાપ્રધાન મોદી

FICCIના વાર્ષિક સંમેલનમાં વડાપ્રધાનનો ઉદ્યોગજગતને સીધો સવાલ, ૨૦૪૭ના વિકસિત ભારત માટે ઉદ્યોગોને આપ્યો મંત્ર



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ઉદ્યોગપતિઓને આડે હાથ લેતાં એક મહત્ત્વપૂર્ણ સવાલ ઉઠાવ્યો છે. સરકારે કોર્પોરેટ ટેક્સ અને ઇક્વમ ટેક્સમાં ઘટાડો કરીને ઉદ્યોગજગત તેમજ સામાન્ય નાગરિકોને રાહત આપી છે, પરંતુ તેના બદલામાં કંપનીઓએ પોતાના કર્મચારીઓના પગારમાં કેટલો વધારો કર્યો છે? કર્મચારીઓની સંખ્યામાં કેટલો વધારો કર્યો છે? આ સવાલ સાથે જ મોદીએ ઉદ્યોગપતિઓને આત્મચિંતન કરવાની ટકોર કરી હતી. નવી દિલ્હીમાં ગુરુવારે FICCIના વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક સંમેલનને સંબોધિત કરતાં વડાપ્રધાને ઉદ્યોગજગતને કર્મચારીઓના કલ્યાણ અને દેશના આર્થિક વિકાસમાં વધુ જવાબદારી નિભાવવા અપીલ કરી હતી.

PM મોદીએ વર્ષ ૨૦૧૪ની સરખામણી કરતાં જણાવ્યું હતું કે અગાઉ કોર્પોરેટ ટેક્સનો દર ૩૦ ટકા હતો, જે સરકારે ઘટાડીને ૨૨ ટકા કર્યો છે. આ ઉપરાંત નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ રૂ.૧૨ લાખ સુધીની આવકને ઇક્વમ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકાર દ્વારા આપવામાં આવેલી આ રાહતનો ઉલ્લેખ કરીને તેમણે ઉદ્યોગપતિઓને સીધો સવાલ કર્યો હતો કે, ટેક્સમાં તો અમે ઘટાડો કર્યો, પરંતુ તમે શું કર્યું? તમે કર્મચારીઓની સંખ્યા વધારી? તેમના પગારમાં વધારો કર્યો? તેમણે કહ્યું કે ટેક્સમાં રાહત મળ્યા બાદ કંપનીઓએ પણ કર્મચારીઓના હિતમાં પગલાં ભરવા જોઈએ. પોતાના સંબોધન દરમિયાન PM મોદીએ ઉદ્યોગપતિઓની વધુને વધુ રાહતો મેળવવાની માનસિકતા પર પણ ટકોર કરી હતી. તેમણે કહ્યું કે ટેક્સમાં ઘટાડાની વાત સાંભળીને કદાચ હોલમાં તાળીઓ નહીં વાગે, કારણ કે ઉદ્યોગજગતની માગણીઓ સતત વધતી રહે છે. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે, તમારી ભૂખ એટલી છે કે તમને ગમે તેટલું ખવડાવો, તમારું પેટ ભરાતું નથી.

વડાપ્રધાને ઉદ્યોગપતિઓને આત્મમંથન કરવા જણાવ્યું હતું કે કંપનીઓએ અત્યાર સુધી કેટલા નવા લોકોને રોજગારી આપી છે અને કેટલા કર્મચારીઓના પગારમાં વધારો કર્યો છે. મોદીએ જણાવ્યું હતું કે ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્યમાં ઉદ્યોગજગતની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ રહેશે. કંપનીઓએ માત્ર વર્તમાન નફા અને વિકાસ વિશે જ નહીં, પરંતુ આગામી ૨૦ વર્ષમાં દેશ માટે શું યોગદાન આપી શકશે તે અંગે પણ વિચાર વું જોઈએ. તેમણે કહ્યું કે સમયાંતરે આત્મચિંતન કરવું જરૂરી છે. આ વાત વ્યક્તિ, સંસ્થા અને સમગ્ર દેશને પણ લાગુ પડે છે. વડાપ્રધાને ભારતના ફાર્માસ્યુટિકલ ક્ષેત્રનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે દુનિયામાં ભારતની ઓળખ ફાર્મસી તરીકે છે, તેમ છતાં દેશ આજે પણ API અને ઇન્ટરમિડિયેટ્સની અબજો ડોલરની આયાત કરે છે. તેમણે ઉદ્યોગજગતને સવાલ કર્યો હતો કે આવી વસ્તુઓનું ઉત્પાદન ભારતમાં જ કેમ ન કરી શકાય? દેશે આયાત પરની નિર્ભરતા ઘટાડીને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવું જોઈએ.

વધુમાં તેમણે ખનિજ ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોમાં વિશેષ કુશળતા હાંસલ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વૈશ્વિક સ્તરે સંસાધનોનો ઉપયોગ વ્યૂહાત્મક હથિયાર તરીકે થઈ રહ્યો છે ત્યારે ભારતે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવું જરૂરી છે.

ગિફ્ટ નિફ્ટીએ US $22.21 બિલિયનનો સર્વકાલીન ઉચ્ચ ઓપન ઇન્ટરેસ્ટ નોંધાવ્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૧૯

ગિફ્ટ નિફ્ટીએ નવો વિક્રમ સ્થાપ્યો છે. ૧૮ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ૪૩૮,૮૮૭ કોન્ટ્રેક્ટ્સ સાથે ઓપન ઇન્ટરેસ્ટ US $22.21 બિલિયન (INR 207,330 કરોડ)ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો છે.

આ અગાઉના ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના US $21.84 બિલિયનના વિક્રમને વટાવી ગયો છે.

મુખ્ય હાઇલાઇટ્સ :

● સર્વકાલીન ઉચ્ચ ઓપન ઇન્ટરેસ્ટ US $22.21 બિલિયન

● બાકી કોન્ટ્રેક્ટ્સ ૪૩૮,૮૮૭

● ૩ જુલાઈ ૨૦૨૩ થી કુલ વોલ્યુ ૮૦.૭૦ મિલિયન કોન્ટ્રેક્ટ્સ

● ૧૮ નવેમ્બર ૨૦૨૬ સુધી કુલ ટર્નઓવર US $3.73 ટ્રિલિયન

ગિફ્ટ નિફ્ટીને ભારતીય ઇક્વિટી ગ્રોથ સ્ટોરીનું બેન્ચમાર્ક બનાવવા બદલ NSEIX એ તમામ સહભાગીઓનો આભાર માન્યો છે.-

બાકી કોન્ટ્રેક્ટ્સ ૪૩૮,૮૮૭

● ૩ જુલાઈ ૨૦૨૩ થી કુલ વોલ્યુમ ૮૦.૭૦ મિલિયન કોન્ટ્રેક્ટ્સ

● ૧૮ નવેમ્બર ૨૦૨૬ સુધી કુલ ટર્નઓવર US $3.73 ટ્રિલિયન

ગિફ્ટ નિફ્ટીને ભારતીય ઇક્વિટી ગ્રોથ સ્ટોરીનું બેન્ચમાર્ક બનાવવા બદલ NSEIX એ તમામ સહભાગીઓનો આભાર માન્યો છે.

સુરતમાં વહેલી સવારે લૂંટારુઓનો આતંક

બાઈકસવાર લૂંટારુઓએ મહિધરપુરા, કતારગામ અને વરાછામાં મચાવ્યો આતંક

લૂંટારુઓએ પાંચથી વધુ લોકોને નિશાન બનાવ્યા હતા અને ચાકુની અણીએ મોબાઈલ ફોન સહિતની કિંમતી વસ્તુઓ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો



(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૧૯

હીરાનગરી સુરતમાં ગુનાખોરીની ઘટનાઓમાં ચિંતાજનક બનાવ સામે આવ્યો છે. શહેરમાં વહેલી સવારે બાઈકસવાર લૂંટારુઓએ આતંક મચાવ્યો હતો. મહિધરપુરા, કતારગામ અને વરાછા વિસ્તારમાં એક જ સવારમાં અલગ-અલગ પાંચ સ્થળોએ લૂંટની ઘટનાઓને અંજામ આપવામાં આવ્યો હતો. લૂંટારુઓએ પાંચથી વધુ લોકોને નિશાન બનાવ્યા હતા અને ચાકુની અણીએ મોબાઈલ ફોન સહિતની કિંમતી વસ્તુઓ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, લૂંટારુઓ બાઈક પર સવાર થઈ વહેલી સવારે રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને રોકતા હતા. વરાછા વિસ્તારમાં શિવપાર્ક અને લાભેશ્વર પાસે બે લૂંટની ઘટનાઓ બની હતી. જ્યારે મહિધરપુરામાં આયુર્વેદિક કોલેજ પાસે અને સુમુલ ડેરી રોડ પર લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઉપરાંત કતારગામના ગજેરા સર્કલ પાસે પણ લૂંટની ઘટના સામે આવી હતી.લૂંટારુઓએ લોકોને ચાકુ બતાવી મોબાઈલ ફોન અને કિંમતી સામાન પડાવી લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કેટલાક લોકોએ લૂંટનો પ્રતિકાર કરતાં હુમલાખોરોએ તેમના પર ચાકુ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

એક જ સવારમાં ત્રણ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પાંચ લૂંટની ઘટનાઓ બનતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. સ્થાનિક પોલીસની સાથે ક્રાઈમ બ્રાન્ચે પણ તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળો અને આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.એકસરખી મોડસ ઓપરેન્ડીથી અલગ-અલગ સ્થળોએ લૂંટની ઘટનાઓને પગલે પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ આગળ વધારવામાં આવી રહી છે. વહેલી સવારે થયેલી આ ઘટનાઓને પગલે શહેરમાં નાગરિકોની સુરક્ષાને લઈને પણ ચિંતા જોવા મળી રહી છે.

LCB, SOG અને એન્ટી નાર્કોટિક્સ વિંગ એક્શનમાં

સુરત જિલ્લામાં નશાના કારોબાર પર પોલીસનો સપાટો

અંદાજિત કિંમત રૂ. ૧,૪૭,૦૦૦ થાય છે પોલીસે નશાના કારોબાર સાથે સંકળાયેલા ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૧૯



સુરત જિલ્લામાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ અને હેરાફેરી સામે ગ્રામ્ય પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. યુવાધનને નશાના રવાડે ચઢાવતા તત્ત્વો સામે કાર્યવાહી કરવા પોલીસે અલગ-અલગ વિસ્તારોમાં એકસાથે દરોડા પાડ્યા હતા. પાલોદથી લઈને બારડોલી સુધીના વિસ્તારોમાં હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન પોલીસે એક જ દિવસમાં NDPS એક્ટ હેઠળ ૧૦ ગુના નોંધ્યા છે. આ કાર્યવાહીમાં કુલ ૨.૯ કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૪૭,૦૦૦ થાય છે. પોલીસે નશાના કારોબાર સાથે સંકળાયેલા ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે.

સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા નશાના નેટવર્કને અટકાવવા વિશેષ ટીમો બનાવવામાં આવી હતી. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB), સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને એન્ટી નાર્કોટિક્સ વિંગની ટીમોએ સંયુક્ત રીતે કામગીરી હાથ ધરી હતી. પોલીસના સંકલન અને આયોજનના ભાગરૂપે જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગ અને દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસની ટીમોએ પાલોદ, કોસંબા, કામરેજ, કડોદરા, બારડોલી અને પલસાણા સહિતના વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરીને ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

એક જ દિવસમાં નોંધાયેલા ૧૦ અલગ-અલગ ગુનાઓમાં પોલીસે કુલ ૨.૯ કિલો ગાંજો કબજે કર્યો છે. જપ્ત કરાયેલા ગાંજાની બજાર કિંમત અંદાજે રૂ. ૧.૪૭ લાખ હોવાનું જણાવાયું છે. આ સાથે જ ૧૦ આરોપીઓની ધરપકડ કરી તેમની સામે NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

સુરત ગ્રામ્ય પોલીસની આ કામગીરીથી જિલ્લામાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ સામે તપાસ વધુ તેજ બની છે. હવે પોલીસ આ આરોપીઓ નશાનો જથ્થો ક્યાંથી લાવતા હતા અને તેની સપ્લાય ચેઈનમાં અન્ય કોણ-કોણ સંકળાયેલું છે તે દિશામાં પણ તપાસ કરે તેવી શક્યતા છે. યુવાધનને નશાથી દૂર રાખવા માટે આવી કાર્યવાહી સતત ચાલુ રહે તે જરૂરી બન્યું છે.

૧૪ જિલ્લાના ૪૮ હજારથી વધુ લાભાર્થીઓને લાભ

આદિવાસી ખેડૂતોને રવિ સિઝનમાં પણ મળશે મફત બિયારણ-ખાતર

યોજનાનો રવિ સિઝનમાં વિસ્તાર; એક એકર જમીન માટે બિયારણ અને ત્રણ પ્રકારના ખાતરની કિટ અપાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોના ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે બિયારણ અને ખાતર સહાય યોજનાનો વ્યાપ વધારીને હવે રવિ સિઝનમાં પણ તેનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે.

અત્યાર સુધી આ યોજના માત્ર ખરીફ સિઝન પૂરતી જ મર્યાદિત હતી, પરંતુ હવે ૧૪ આદિવાસી જિલ્લાના ૪૮,૦૦૦થી વધુ લાભાર્થી ખેડૂતોને રવિ સિઝનમાં પણ મફત બિયારણ અને ખાતર પૂરાં પાડવામાં આવશે. આ યોજના હેઠળ અગાઉ ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી અને હાલ લાભાર્થીઓને કિટ વિતરણની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

સરકારની આ પહેલને લઈને રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આદિવાસી વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓના આદિવાસી પટ્ટાના પ્રવાસો અને રવિ સિઝનમાં સહાય શરૂ કરવાના નિર્ણયને આદિવાસી મતદારો સુધી પહોંચવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.



યોજનાના નિયમો મુજબ, પ્રત્યેક લાભાર્થી ખેડૂતને એક એકર જમીન માટે યોગ્ય પાકનું બિયારણ તેમજ ત્રણ પ્રકારના ખાતર—પ્રોમ (PROM) ખાતરની ૫૦ કિલોની એક બેગ, એમોનિયમ સલ્ફેટ ખાતરની ૫૦ કિલોની એક બેગ અને એનપીકે (NPK) કોન્સોર્ટિયાની એક બોટલ આપવામાં આવશે. અગાઉ ખરીફ સિઝનમાં મગફળી, સોયાબીન, જુવાર, ડાંગર, રીંગણ, અડદ, તુવેર, રાગી, ભીંડા અને બાજરી સહિતના પાકોમાંથી કોઈ એકના બિયારણની સહાય અપાતી હતી.

ભૌગોલિક સ્થિતિ અને આબોહવા અનુસાર ૧૪ જિલ્લાઓને બે ઝોનમાં વહેંચીને બિયારણની ફાળવણી કરાઈ છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, મહિસાગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લાના ખેડૂતોને મુખ્ય પાક તરીકે ઘઉં, ચણા અને મકાઈનું બિયારણ તેમજ શાકભાજીમાં ટમેટા, રીંગણ કે ભીંડા પૈકી કોઈ એક પાકનું બિયારણ અને ખાતર અપાશે. બીજી તરફ, દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાના ખેડૂતોને મુખ્ય પાક તરીકે ભીંડા, ટમેટા, દૂધી અને કાકડીનું બિયારણ તેમજ પૂરક પાક તરીકે રીંગણ અથવા બ્રોકલીનું બિયારણ ખાતર સાથે પૂરું પાડવામાં આવશે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
સુરેશ ઉમતીયા :
૯૮૨૫૯ ૮૯૪૪૪

અમૂલના દૂધ-દહીં-લસ્સી મોંઘા અને છાશની માત્રા ઘટી

સુરતીઓને મોંઘવારીનો ઝટકો; સુમુલ ગાયના દૂધમાં ૨ વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા. ૧૯

સુરતના દૂધ ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. સુમુલ ડેરીએ ગાયના દૂધના ૫૦૦ મિલી (ML)ના ભાવમાં રૂપિયા ૨નો વધારો કર્યો છે, જે આજ બપોરથી અમલી બન્યો છે. આ સાથે સુમુલ ગાયના દૂધના ૫૦૦ મિલીનો ભાવ રૂપિયા ૩૦થી વધીને રૂપિયા ૩૨ થઈ ગયો છે. પશુઆહાર, ઘાસચારો અને પરિવહન ખર્ચમાં થયેલા વધારાને કારણે આ ભાવવધારો કરાયો હોવાનું જણાવાયું છે, જેનાથી સુરતના લાખો પરિવારોના ઘરનું બજેટ પ્રભાવિત થશે. આ અગાઉ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) એટલે કે અમૂલ દ્વારા પણ ઉત્પાદન ખર્ચ વધવાના કારણે દૂધ, દહીં અને લસ્સીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે:દૂધના નવા ભાવ: અમૂલ ગોલ્ડ ૧ લિટરના ભાવ રૂપિયા ૭૨થી વધારીને રૂપિયા ૭૬, અમૂલ શક્તિ ૫૦૦ મિલીના ભાવ રૂપિયા ૩૩થી વધારીને રૂપિયા ૩૫ અને અમૂલ તાજા ૫૦૦ મિલીના ભાવમાં રૂપિયા ૧નો વધારો કરી રૂપિયા ૩૦ કરાયા છે.

દહીં અને લસ્સી: અમૂલ મસ્તી દહીંના ૧ કિલોગ્રામના ભાવમાં રૂપિયા ૫નો વધારો થતાં નવો ભાવ રૂપિયા ૮૫ થયો છે, જ્યારે ૩૮૦ ગ્રામના પેકેટનો ભાવ રૂપિયા ૩૭ કરાયો છે. ૧ કિલો અમૂલ મસ્તી દહીં બકેટના ભાવમાં રૂપિયા ૫નો વધારો થઈને નવો ભાવ રૂપિયા ૧૨૦ થયો છે. તેમજ અમૂલ પ્રો-બાયોટિક રોઝ લસ્સીના ભાવમાં રૂપિયા ૨નો વધારો થતાં કિંમત રૂપિયા ૧૭ થઈ છે.

છાશની માત્રામાં ઘટાડો: અમૂલે છાશના ભાવ યથાવત રાખ્યા હોવા છતાં પેકેટમાં માત્રા ઘટાડી છે. રૂપિયા ૨૦માં મળતી છાશ હવે ૬૫૦ મિલીને બદલે ૬૨૦ મિલી મળશે, જ્યારે રૂપિયા ૧૦ના પેકેટમાં ૩૦૦ મિલીના સ્થાને ૨૮૦ મિલી છાશ મળશે.આ તમામ ફેરફારોને પગલે સામાન્ય ગ્રાહકોના રસોડાના માસિક બજેટ પર મોંઘવારીનો વધારાનો બોજ પડ્યો છે.

વલસાડના તીથલ સ્વામી નારાયણ મંદિરે ૨૧ ફૂટ ઊંચી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા વિધિ મહંતસ્વામીના હસ્તે સંપન્ન







સૌપ્રથમવાર સમુદ્ર કિનારે નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થતાં સમુદ્રના તમામ જીવોનું કલ્યાણ થાય અને આજુબાજુના ગામોમાં સત્સંગ વધે : મહંત સ્વામી મહારાજ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

વલસાડના સુપ્રસિદ્ધ તીર્થસ્થળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તીથલ ખાતે ભગવાન સ્વામિનારાયણના કિશોરસ્વરૂપ તપોમૂર્તિશ્રી નીલકંઠ વર્ણી મહારાજની ૨૧ ફૂટ ઊંચી ભવ્ય મૂર્તિનો પ્રતિષ્ઠા વિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન હસ્તે ભક્તિભાવ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થઈ હતી.

આ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે બ્રહ્મમૂર્હૂતમાં વહેલી સવારે ૫:૦૦ કલાકથી મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. મોટી સંખ્યામાં હરિભક્તો અને દેશ વિદેશના ૯૩૦ યજમાનોએ પ્રતિષ્ઠા મહાયજ્ઞમાં જોડાઈને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યજ્ઞનારાયણને આહુતિઓ આપી હતી. વૈદિક મંત્રોચ્ચાર અને સંતો-હરિભક્તોના જયઘોષ વચ્ચે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ૨૧ ફૂટ ઊંચી ભવ્ય અને દિવ્ય તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને પ્રાણ પ્રતિષ્ઠાની આરતીનું અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

ભક્તિમય વાતાવરણમાં પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થતાં ઉપસ્થિત સંતો, હરિભક્તો અને દર્શનાર્થીઓમાં અપાર આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી હતી. સમગ્ર મંદિર પરિસર સ્વામિનારાયણ મહામંત્ર અને શ્રી નીલકંઠ વર્ણીના જયનાદથી ગુંજી ઊઠ્યું હતું.

આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતા કહ્યું કે, સૌપ્રથમવાર સમુદ્ર કિનારે નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે તો નીલકંઠવર્ણી મહારાજની દ્રષ્ટિથી સમુદ્રમાં રહેતા તમામ જીવોનું કલ્યાણ થાય એવી સર્વ જીવ હિતાવહની ભદ્ર ભાવના આશીર્વાદમાં દર્શાવી હતી તેમજ નીલકંઠ વર્ણી મહારાજની દ્રષ્ટિથી આજુબાજુના ગામોમાં સત્સંગ વધે એવા આશીર્વાદ આપ્યા હતા. સાથે સાથે નીલકંઠવર્ણી મહારાજને તપ પ્રિય છે તેથી એકાદશી જેવા વ્રત અને વિશેષ જપ તપના નિયમો લઈ એમને રાજી કરવા અને અહીં પ્રદક્ષિણા અને અભિષેક કરવાથી દરેકના શુભ સંકલ્પો ફળીભૂત થશે એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. તપ, સેવા, ત્યાગ, સંયમ અને અડગ ભક્તિના પ્રતીક એવા કિશોર યોગી શ્રી નીલકંઠ વર્ણી મહારાજના દિવ્ય દર્શનનો લાભ હવે વલસાડના પ્રવાસન ધામ તીથલ સ્વામિનારાયણ મંદિરે પધારતા સૌ હરિભક્તો અને પ્રવાસીઓને કાયમી ધોરણે પ્રાપ્ત થશે.

ધરમપુરમાં પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજની ૧૨૯મી રંગ જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

શ્રી રંગપ્રભાત મંદિર અને મનહરઘાટ સ્થિત શ્રી દત્તરંગ મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે રક્તદાન કેમ્પ અને ભજન સંધ્યાનું આયોજન







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
ધરમપુર, તા. ૧૯

ધરમપુર ખાતે પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી રંગ અવધૂત મહારાજની ૧૨૯મી રંગ જયંતી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ધરમપુરના શ્રી રંગપ્રભાત મંદિર તેમજ મનહરઘાટ સ્થિત પરમ પાવન ધામ શ્રી દત્તરંગ મંદિરમાં વિવિધ ધાર્મિક, આધ્યાત્મિક અને સેવાકીય કાર્યક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી રંગપ્રભાત મંદિર ખાતે વહેલી સવારે ઉર્ષ પ્રાર્થના સાથે મહોત્સવનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ મહારાજશ્રીનો મનોહર શણગાર, મંગળા આરતી, પાદુકા પૂજન અને રંગયાગ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે રંગયાગની પૂર્ણાહુતિ બાદ ધૂન, પાલખી તથા સાંજની પ્રાર્થનાના કાર્યક્રમો યોજાયા હતા.

આ ઉપરાંત ધરમપુરના મનહરઘાટ સ્થિત પરમ પાવન ધામ શ્રી દત્તરંગ મંદિરમાં પણ રંગ જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વહેલી સવારે કેસર સ્નાન, પાલખી દ્વારા પ્રભાતફેરી, પાદુકા પૂજન અને બપોરે ભાવન દતભાવનીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે રક્તદાન કેમ્પ, સાંજની પ્રાર્થના અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભજનિકો દ્વારા ભજન કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

આ બંને સ્થળોએ યોજાયેલા મહોત્સવમાં ધરમપુર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી બની દર્શન, પાદુકા પૂજન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું હતું.

આમ, શ્રી રંગ અવધૂત મહારાજની ૧૨૯મી રંગ જયંતીના અવસરે ધરમપુરમાં ધાર્મિક શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવના સંગમ સાથે મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

પારડી નગરપાલિકા ડમ્પિંગ યાર્ડમાં લાગેલ આગને લઈ પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ કપિલભાઈ હળપતિ દ્વારા કલેક્ટરને ફરિયાદ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૯

પારડી નગરપાલિકાના ડમ્પિંગ યાર્ડમાં દિવાળીના દિવસે તારીખ ૮.૧૧.૨૦૨૬ના રોજ અચાનક આગ ફાટી નીકળી હતી, આગની જવાળાઓ એટલી ભયાનક હતી કે આજુબાજુના રહીશોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

પારડી નગરપાલિકા દ્વારા અનેક પ્રયત્નો તથા અગ્નિશામક દળો દ્વારા અસંખ્ય પાણીનો મારો ચલાવવા છતાં આ આગ કાબુમાં લેવાનું નામ ન લેતા અત્યાર સુધી તારીખ ૧૯.૧૧.૨૦૨૬ સુધી પણ ચાલુ જ હોય કેટલાય દિવસોથી આજુબાજુનું વાતાવરણ તથા લોકોના આરોગ્ય પર ગંભીર અસર થઈ રહી છે.

સવાલ છે ? અહીં આ સ્વયં લાગી છે કે પછી લગાવવામાં આવી છે?

પારડી આરોગ્ય ખાતાના સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલભાઈ પરમાર પહેલેથી જ અનેક વિવાદોમાં સંડોવાયેલા છે, ત્યારે આ દિવાળીના દિવસોમાં ડમ્પિંગ યાર્ડ ખાતે લાગેલ આગ અનેક પ્રશ્નો કરી રહી છે.

આ જ ડમ્પિંગ યાર્ડમાં અગાઉ થયેલ આકસ્મિક બાળકના મૃત્યુ બાદ અહીં સીસીટીવી કેમેરા લગાવવાની વાતો પણ થતી હતી? આ કેમેરા લગાવ્યા હોય અને ચાલુ હોય તો તેના ફૂટેજ દ્વારા પણ સાચી માહિતી મળી શકે એમ છે.

પારડી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ કપિલભાઈ હળપતિ દ્વારા આ અંગે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હોવા છતાં કોઈ જ તપાસ કે કાર્યવાહી ન થતાં તેઓ દ્વારા આજરોજ વલસાડ કલેકટરશ્રી છે ને આ અંગેની એક લેખિત ફરી ફરિયાદ કરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

તેઓએ પોતાની ફરિયાદમાં આ આગ અંગે ઉચ્ચ સ્તરે તપાસની માંગ કરી આગ જાણી જોઈને લગાવવામાં આવી છે કે કેમ? તેની તપાસ, સીસીટીવી કેમેરા હોય તો તેના ફૂટેજ, ફાયર વિભાગનો અહેવાલ, કચરાં નિકાલની પદ્ધતિ અને સંબંધિત વિભાગો દ્વારા આગની તપાસ,



ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિરીક્ષણ, જવાબદાર અધિકારીઓ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી,પારડી પોલીસ દ્વારા થયેલ તપાસની વિગતો તથા આવી ઘટનાઓ ફરી ન બને અને સુરક્ષા જળવાઈ રહે જેવી વ્યવસ્થા કરવામાં આવે જેવા પ્રશ્નો સાથે વલસાડ કલેક્ટરશ્રીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે

આ કલેક્ટરશ્રીને કરવામાં આવેલ રજૂઆતમાં પારડી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ શ્રી કપિલભાઈ હળપતિ, મહામંત્રી શ્રી જીતુભાઈ ભંડારી, પારડી નગરપાલિકા સદસ્ય શ્રી પરવેઝભાઈ તાઈ અને કોંગ્રેસી કાર્યકર્તા શ્રી સુરેશભાઈ પટેલ જોડાયા હતા.

પારડી તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતિષભાઈ પટેલ દ્વારા

સુધારા-વધારા સાથે રજૂ થયેલ મતદાર યાદી સામે વાંધા અરજી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૯

ગ્રામ પંચાયતોની બેઠકોની ફાળવણી તથા અનામત કેટેગરી જાહેર કરવા રજૂઆત

ટૂંક જ સમયમાં પારડી તાલુકામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ આવી રહી છે અનેક ગામોના ઉત્સુક લોકોએ ગ્રામ પંચાયતોમાં સરપંચ તથા સભ્યોની ચૂંટણીમાં ઝંપલાવવાની તૈયારી પણ શરૂ કરી દીધી છે.

પારડી તાલુકાની આ તમામ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અન્વયે તારીખ ૧૭.૧૧.૨૦૨૬ના રોજ દરેક ગ્રામ પંચાયતોની વોર્ડ પ્રમાણની મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. પરંતુ આ પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીમાં અનેક મતદારોના નામોનો સમાવેશ મતદાર યાદીમાં ન હોય આ મતદાર યાદી સામે પારડી તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ શ્રી સતિષભાઈ પરસોત્તમભાઈ પટેલ રહે. ડુંગરીએ પારડી પ્રાંત સાહેબ અને ચૂંટણી અધિકારીશ્રીને આ મતદાર યાદી સામે વાંધા અરજી કરવામાં આવી છે.

તારીખ ૧.૧૦.૨૦૨૬ પછી બીએલઓ દ્વારા મતદારોના નામો દાખલ કરવા, કમી કરવા તથા નામ સરનામું સુધારવાની કામગીરી કરવામાં આવી હોવા છતાં નવી પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીમાં આવા મતદારોના નામોના સમાવેશ કરવામાં આવ્યો નથી. જેને લઈ પારડી તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલે બીએલઓ મારફતે નોંધાયેલા નવા મતદારોના નામો મતદાર યાદીમાં નોંધવામાં આવે વોર્ડ પ્રમાણેની મતદાર યાદીમાં કોઈપણ મતદારનું નામ રહી ન જાય, વોર્ડ પ્રમાણેની બેઠકોની ફાળવણી તથા અનામત બેઠકો જલદીથી જાહેર કરવામાં આવે જેવી માંગ લોકશાહીની હિતમાં અને દરેક નાગરિકના મતાધિકારના રક્ષણ માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ સાથેની વાંધા અરજી ચૂંટણી અધિકારીશ્રીને આપવામાં આવી હતી અને સાથે સાથે આ નવી પ્રસિદ્ધ થયેલ તારીખ ૧૭.૧૧.૨૦૨૬ના રોજની મતદાર યાદી સામે લેખિતમાં વાંધો રજૂ કર્યો છે.

સુરતના પાર્લે પોઈન્ટ સ્થિત વિજયરામચંદ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે 'ગરવી ગાથા ગિરિરાજની' વિષય પર જાહેર પ્રવચન યોજાશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૯

સુરત શહેરના મધ્યવર્તી પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ વિજયરામચંદ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે આગામી રવિવારે એક વિશેષ ધાર્મિક અને તીર્થભક્તિમય જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. કારતક સુદ-૧૩, રવિવાર, તા. ૨૨ નવેમ્બરના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા દરમિયાન 'ગરવી ગાથા ગિરિરાજની' યાને 'શ્રી શત્રુંજય મહાતીર્થની ગૌરવગાથા' વિષય પર પ્રવચન યોજાશે.

આ આયોજન અંગેની પ્રેસનોટ (તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૬) મુજબ, આરાધનાભવન ખાતે ચાતુર્માસ બિરાજમાન આધ્યાત્મિક પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજય મુક્તિ-પ્રભસૂરીશ્વરજી મહારાજના - શિષ્યરત્ન પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજય પુણ્યરક્ષિતસૂરીજી મહારાજ વીર્તિધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના મહિમાને ઉજાગર કરતું પ્રવચન આપશે.

પ્રવચનમાં આવરી લેવાનાર મુખ્ય વિષયો : આ પ્રવચન દરમિયાન શ્રોતાઓને શ્રી શંત્રુજય મહાતીર્થના ઐતિહાસિક અને આધ્યાત્મિક પાસાંઓ વિશે ઊંડાણપૂર્વક જાણકારી મળશે. જેમાં મુખ્યત્વે :

- શ્રી શત્રુંજય મહાતીર્થનો મહિમા શું છે?
- મહાતીર્થની પાંચ તળેટીઓ કઈ-કઈ છે?
- બાબુના દેરાસર-નિર્માણનો ઈતિહાસ શું છે?
- રામપોળ, વાઘણપોળ અને રતનપોળ જેવા નામો કેવી રીતે પડ્યા?
- ગિરિરાજ ઉપર સૌપ્રથમ શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન શા માટે કરવામાં આવે છે?
- પુણ્ય-પાપની બારીનો ઈતિહાસ શું છે?
- શ્રી આદેશ્વરદાદાની છેલ્લી -તિષ્ઠા ક્યારે અને કેટલા સૂરીભગવંતોની નિશ્રામાં થઈ હતી?
- શ્રી ચૌમુખજીની ટુંક, ઉજમફઈની ટુંક અને મોતીશાની ટુંકનો ઈતિહાસ શું છે?
- શ્રી હસ્તગિરિ તીર્થ-નિર્માણનો ઈતિહાસ શું છે?

આ ઉપરાંત અન્ય અનેક રસપ્રદ અને ઐતિહાસિક બાબતો પણ પ્રવચનમાં રજૂ કરવામાં આવશે. સુરત શહેરના શ્રાવક-શ્રાવિકાઓને આ તીર્થભક્તિમય અને અમૂલ્ય પ્રવચનનો લાભ લેવા તેમજ સમયસર ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વાપી જીઆઈડીસીથી ૩૬ વર્ષીય પરિણીતા ગુમ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

વાપી જીઆઈડીસી, અમરનગર, ચણોદ, સાદુ સિંધેની ચાલ, રૂમ નં.૪ ખાતે રહેતા ૩૬ વર્ષીય વંદનાબેન નરેન્દ્ર પાટીલ(મૂળ રહે.નિમબોરા, તા.ધરંગા, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર) તા.૨૬/૧૦/૨૬ના રોજ સવારે ૦૬:૪૫ વાગ્યાના અરસામાં પોતાના કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજ દિન સુધી પરત ફર્યા નથી. તેમની આસપાસના વિસ્તારમાં તેમજ સગા સંબંધીઓને ત્યાં તપાસ કરતાં પણ કોઈ ભાળ મળી નથી. ગુમ વંદના મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૩ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે કાળા કલરની સાડી પહેરેલી હતી અને સાથે ગ્રે કલરનું બેગ પણ છે. જમણા હાથ પર



'વંદના' નામનું હિન્દીમા ટેટુ કરાવેલું છે.

તેઓ હિંદી ભાષા જાણે છે. જે કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનનો ૦૭૬૪૬૧૬૦૭, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વલસાડ જિલ્લામાં સબસીડાઈઝ ખાતર "FSAS –Fertilizer Sale Application System" મારફતે વેચાણનો પ્રારંભ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

ભારત સરકાર દ્વારા ખેડૂતોને સબસીડાઈઝ ખાતર સરળતાથી, પારદર્શક રીતે અને સમયસર ઉપલબ્ધ થાય તે હેતુથી FSAS (Fertilizer Sale Application System) એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશનના માધ્યમથી ખેડૂતો રિટેલ સબસીડાઈઝ ખાતર વિક્રેતા અથવા સહકારી મંડળી પાસેથી ખાતર ખરીદતા પહેલાં મોબાઈલ દ્વારા ખાતરનું Pre-booking (અગાઉથી બુકિંગ) કરી શકશે.

વલસાડ જિલ્લામાં આ સિસ્ટમની અમલવારી તા. ૨૦-૧૦-૨૦૨૬થી શરૂ કરવામાં આવી છે. આ નવી ડિજિટલ વ્યવસ્થાથી ખાતર વિતરણ પ્રક્રિયામાં પારદર્શિતા વધશે, બિનજરૂરી ભીડમાં ઘટાડો થશે તેમજ ખેડૂતોને સમયસર ખાતર ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે.

જિલ્લાના તમામ ખેડૂતમિત્રોને પોતાની ખેડૂત નોંધણી કરાવી આ નવી એપ્લિકેશન મારફતે ખાતરની ખરીદી અંગેની માહિતી મેળવવા અને તેનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. આગામી સમયમાં શરૂ થનારી પ્રી-બુકિંગ સુવિધાનો ઉપયોગ કરવા માટે પણ ખેડૂતોને માહિતગાર રહેવા જણાવાયું છે.

ખેડૂતોને આ નવી વ્યવસ્થા અંગે જરૂરી માર્ગદર્શન અને સહાયતા આપવા માટે ખાતર વિક્રેતાઓ, સહકારી મંડળીઓ તથા ખેતીવાડી વિભાગ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. વધુ માહિતી માટે નજીકની તાલુકાની મદદનીશ ખેતી નિયામકશ્રીની કચેરી અથવા જિલ્લા કક્ષાએ નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ની કચેરીનો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વલસાડ જિલ્લાના ખેડૂતો માટે i-ખેડૂત પોર્ટલ ફરી ખુલ્લુ મુકાયું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

વલસાડ જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા જિલ્લાના ખેડૂતોને વિવિધ કૃષિ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી આઈ-ખેડૂત પોર્ટલ તા.૧૮/૧૧/૨૦૨૬થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ કરવા માટે પુનઃખુલ્લું મુકવામાં આવ્યું છે.

જે અંતર્ગત મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકીકરણ યોજના હેઠળ વિવિધ ઘટકો જેવા કે રોટરી પાવર ટીલર, સીડ ડ્રીલ, કોમ્બાઈન હાર્વેસ્ટર, ગ્રાઉન્ડનટ ડિગર, પેડી ટ્રાન્સપ્લાન્ટર, પોસ્ટ હોલ ડિગર અને પોટેટો ડિગર સિવાયના અન્ય તમામ ઘટકો માટે ખેડૂતો અરજી કરી શકશે.

આ ઉપરાંત, વનબંધુ ટ્રેક્ટર યોજના હેઠળ ટ્રેક્ટર ઘટક માટે રાજ્યના આદિજાતિ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલા આદિજાતિ વિસ્તારો એટલે કે વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને ઉમરગામ તાલુકાના ખેડૂતો અરજી કરી શકશે. જ્યારે સ્માર્ટ એન્ડ પ્રિસીઝન ફાર્મિંગ યોજના અંતર્ગત આઈ.ઓ.ટી. ડિવાઈસ ઘટક માટે જિલ્લાના તમામ ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકશે.

આથી, ઉપરોક્ત યોજનાઓનો લાભ મેળવવા ઈચ્છુક તમામ પાત્ર ખેડૂતમિત્રોને નિર્ધારિત સમયમર્યાદામાં આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી યોજનાનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, વલસાડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજ્યકક્ષાની ચતુર્થ પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ સ્પર્ધા ડિસેમ્બર અથવા જાન્યુઆરીમાં યોજાશે

૧૯થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે : પ્રથમ ૧૦ વિજેતાઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર અપાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ, ગાંધીનગર દ્વારા ેરિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, વલસાડ દ્વારા આયોજિત રાજ્યકક્ષાની ચતુર્થ પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ (સિનિયર) સ્પર્ધા ૨૦૨૬-૨૭ આગામી ડિસેમ્બર અથવા જાન્યુઆરી માસમાં યોજાશે.

આ સ્પર્ધામાં તા. ૩૧/૧૨/૨૦૨૬ના રોજ ૧૯થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ સ્પર્ધા સ્થળે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. સ્પર્ધામાં પ્રથમથી દસમા ક્રમે પસંદગી પામનાર યુવક-યુવતીઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત, પસંદગી પામેલા સ્પર્ધકોને રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવામાં આવશે. શાળા-કોલેજમાં અભ્યાસ કરતા યુવક-યુવતીઓએ પ્રવેશપત્રમાં શાળા-કોલેજના સહી-સિક્કા કરાવવાના રહેશે. જ્યારે અભ્યાસ કરતા ન હોય તેવા સ્પર્ધકોએ ચેરિટી કમિશનરમાં નોંધાયેલા મંડળોના સહી-સિક્કા કરાવવા ફરજિયાત છે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતીઓએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૧૦૬ જૂની ટેલિફોન એક્સચેન્જ ઓફિસ, પહેલો માળ, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, વલસાડ ખાતેથી અરજી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી આધાર-પુરાવા સાથે તા. ૧૫/૧૨/૨૦૨૬ સુધી ઉપરોક્ત સરનામે મોકલી આપવાનું રહેશે.

વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના ફોન નંબર ૦૨૬૩૨-૨૪૮૦૮૩ પર સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારી, વલસાડ દ્વારા અખબારી યાદી મારફતે જણાવાયું છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899
સુરેશ ઉમતિયા - 98259 89444



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

આગામી ચૂંટણીઓમાં જનતાએ સમજી-વિચારીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો રહ્યો

વર્ષ ૨૦૧૪માં ચૂંટણી પ્રચાર વખતે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવા, કાળુનાણું બહાર લાવવા, પ્રજાને મોંઘવારીમાંથી મુક્તિ આપવા અને 'અચ્છે દિન' લાવવાનો વાયદો કરનારી ડબલ એન્જિનની ભાજપ સરકારોએ ગૃહિણીઓનું બજેટ તો ખોરવી દીધું જ છે પણ નજીવી સામાન્ય આવક ધરાવતા પરિવારોને ગુજરાન ચલાવવું પણ અતિશય મોંઘુ પડી રહ્યું છેઃ કોંગ્રેસનો જવાબ

ગુજરાતમાં કોંગ્રેસ મોંઘવારીના મુદ્દે મહિલાઓની મુંઝવણને વાચા આપશે અને ગૃહિણીઓને સાથે રાખીને રાજ્યવ્યાપી આંદોલન આદરશે, તેવી ચેતવણી અપાયા પછી રાજ્યમાં મોંઘવારીના બોજ તળે દબાયેલી જનતાનો આક્રોશ પણ સોશિયલ મીડિયા અને પ્રેસ મીડિયાના માધ્યમોથી સપાટી પર આવવા લાગ્યો છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ રાજ્ય અને કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી અને પ્રેસ કોન્ફરન્સ યોજીને તેમાં તેલના ડબ્બાના ભાવ ત્રણ હજાર રૂપિયાને પાર કરી ગયા છે, તેનો ઉલ્લેખ કરીને આવશ્યક ચીજવસ્તુઓના ભાવો ૧૧ વર્ષ પહેલા યુપીએના શાસન દરમ્યાન નિયંત્રણમાં હતા, તેવો દાવો કર્યો છે. અમિત ચાવડાએ રાજ્યવ્યાપી આંદોલનની જાહેરાત પછી વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વીજ જોશીની આગેવાનીમાં બરોડા ડેરી બહાર દૂધના ભાવવધારા સામે વિરોધ વ્યક્ત કરવાની સાથે સાથે વધતી મોંઘવારી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ભાવવધારા સામે વિરોધ પ્રદર્શીત કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા, ત્યારે પોલીસે અટકાયત કરી હતી. તે પછી ગઈકાલે કોઈપણ જિલ્લામાંથી કોંગ્રેસના મોંઘવારીના મુદ્દે આંદોલનના અહેવાલો તો આવ્યા નહીં, પરંતુ કોંગ્રેસ દ્વારા શહેર અને જિલ્લા કક્ષાએ તબક્કાવાર આંદોલનો કરવાનો રોડમેપ તૈયાર થયો હોવાના અહેવાલો વહેતા થયા અને તેના સંદર્ભે કોંગ્રેસ દ્વારા વર્તમાન કેન્દ્ર અને રાજ્ય સરકાર સામે તડાપીટ બોલાવવામાં આવી રહી છે, અને મોંઘવારી ઘટાડવા બાબતે સદંભર નિષ્ફળ રહેલા ભાજપે તેનો જવાબ આપતા આક્ષેપો પ્રતિઆક્ષેપો થઈ રહ્યા છે.

હકીકતે અમિત ચાવડાએ વર્ષ ૨૦૧૪માં મોદી સરકાર સત્તામાં આવી, તે પહેલા માર્કેટમાં ખાદ્યતેલ (સીંગતેલ)ના ડબ્બાના ભાવ સહિત આવશ્યક ચીજવસ્તુઓના ભાવોની સરખામણી કરીને મોદી સરકારના શાસનકાળમાં ભાવો આસમાને પહોંચ્યા અને મોંઘવારીએ માઝા મુકી હોવાની વિસ્તૃત આંકડાકીય વિગતો રજૂ કરીને સણસણતા આક્ષેપો કર્યા પછી અને તમતમી ઉઠેલા ભાજપના પ્રવક્તાઓએ વળતો જવાબ આપ્યા પછી એ નક્કી થઈ ગયું છે કે ભાવવધારો અને મોંઘવારીનો મુદ્દો જ આગામી વિધાનસભાની ચૂંટણીમાં મહત્ત્વનો પ્રચારાત્મક મુદ્દો રહેવાનો છે અને આ મુદ્દે અત્યારથી જ આંદોલનો આદરીને કોંગ્રેસ પ્રજાની વચ્ચે જઈને ભાજપને પડકારવાની છે, તો તેની સામે ભાજપે પણ વિવિધ આંકડાકીય વિગતો સાથે વળતો પ્રહાર કરવાની તૈયારી કરી લીધી હોય તેવા સંકેતો મળે છે.

અમિત ચાવડાએ જે કાંઈ કહ્યું તેને સામાન્ય જનતામાંથી પણ બહોળો પ્રતિસાદ મળી શકે છે, કારણ કે અત્યારે હકીકતમાં પ્રજા મોંઘવારીમાં પીસાઈ રહી છે. અમિત ચાવડાએ આંકડાઓ સાથે યુપીએ સરકારમાં પ્રજા 'સુખી' હતી, તેવા મતલબનો દાવો કર્યો છે, જેને લઈને તજજ્ઞો વિશ્લેષકોમાં પણ ચર્ચા છેડાઈ ગઈ છે. યુપીએ સરકારના સમયમાં છેલ્લે ખાદ્યતેલનો ડબ્બો ૧૧૦૦થી ૧૨૦૦ રૂપિયામાં મળતો તે અત્યારે ૩૧૦૦ રૂપિયાથી વધુ ભાવે મળે છે. ગેસનું સિલિન્ડર ૩૫૦ થી ૪૦૦નું હતું, તે હવે ત્રણ ગણા ભાવે મળે છે, અને આ બધું 'મિલિભગત'નું પરિણામ છે. કોંગ્રેસે રિટેઈલ મોંઘવારીનો દર, જથ્થાબંધ મોંઘવારીનો દર, ફુગાવાનો દર વધ્યો અને ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો દર ઘટી ગયો, તો મેન્યુફેક્ચરીંગ સેક્ટર પણ નબળુ પડી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો છે અને આ બધા પાછળ મળતિયાઓ અને માલેતુજારો સાથેની સાંઠગાંઠ જવાબદાર હોવાનો આક્ષેપ પણ કોંગી નેતાઓ અવાર-નવાર કરતા હોય છે. કોંગ્રેસી નેતાઓ દ્વારા નિવેદનો કરીને વિરોધ વ્યક્ત કરવા ઉપરાંત હવે શહેર અને જિલ્લાવાર મોંઘવારીના મુદ્દે આંદોલનો થશે, તો તેમાં ગણ્યાગાંઠ્યા કોંગી કાર્યકરો જ નહીં હોય, પરંતુ સામાન્ય જનતાની પણ સામેલગીરી હશે, તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે, કારણ કે આ મુદ્દો ગરીબ, નિમ્ન મધ્યમ વર્ગ જ નહીં, હવે તો ઉચ્ચ મધ્યમવર્ગ એન નિમ્ન અમીર વર્ગને પણ સ્પર્શી રહ્યો છે.

બીજી તરફ લોકલ પરિવહન કરીને પેટીયું રળતા (ગુજરાન ચલાવતા) નાનામોટા ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રના રિક્ષા ટેક્ષી ટ્રક ટેન્કરચાલકો, માલિકોને પણ સીએનજીના સતત વધતા જતા ભાવોના કારણે પરેશાની થઈ રહી છે, કારણ કે ધડાધડ લોન મંજૂર કરાવીને વાહનો તો લઈ લીધા, પરંતુ હવે હમા ભરવા, પરિવારનું ગુજરાન ચલાવવું, વાહનનું મેન્ટેનન્સ કરવું અને વધતી મોંઘવારીનો સામનો કરવો અસહ્ય બની રહ્યો છે. ગુજરાત એનજીએ તાજેતરમાં સીએનજીના ભાવો વધાર્યા પછી તો નાના ટેક્ષીચાલકો અને ગેસ આધારિત રિક્ષાચાલકોને બે છેડા ભેગા કરવા મુશ્કેલ બની રહ્યા છે.

કોંગ્રેસે કહ્યું કે વર્ષ ૨૦૧૪માં ચૂંટણી પ્રચાર વખતે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવા, કાળુનાણું બહાર લાવવા, પ્રજાને મોંઘવારીમાંથી મુક્તિ આપવા અને 'અચ્છે દિન' લાવવાનો વાયદો કરનારી ડબલ એન્જિનની ભાજપ સરકારોએ તો એવી સ્થિતિ ઊભી કરી દીધી છે કે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે અને નજીવી આવક ધરાવતા પરિવારોને ગુજરાન ચલાવવું અતિશય મોંઘુ પડી રહ્યું છે. પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પીએનજી, ખાદ્યતેલ, શાકભાજી, ફળો અને અન્ય તમામ આવશ્યક ચીજવસ્તુઓના ભાવોમાં આવેલો ઉછાળો અસહ્ય બની રહ્યો છે. કોંગ્રેસ જ નહીં, પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડાએ પણ બેરોજગારીના મુદ્દે આક્ષેપો કર્યા અને રાજ્યમાં ૯૧ લાખ બેરોજગારો હોવાનો દાવો કર્યાના અહેવાલોએ ખળભળાટ મચાવ્યો, તો ભારતીય જનતા પક્ષે પણ યુપીએ સરકારના સમયે મોંઘવારીનો દર ઘણો જ ઊંચો હોવાનો દાવો કર્યો છે. દરેક મોરચે નિષ્ફળ રહેલી સરકારના ભાજપના પ્રવક્તા અનિલ પટેલે આને માત્ર રાજકીય નિવેદનબાજી ગણાવીને કહ્યું કે યુપીએ સરકારના સમયમાં ૧૮ થી ૨૦ ટકા પહોંચી જતો મોંઘવારીનો દર અત્યારે ઘણો જ ઓછો અને અંકુશમાં છે. કોંગ્રેસે ડબલ એન્જિનની સરકારોના સમયગાળામાં રાજ્યમાં વિરાટ વિકાસના દાવા ફગાવી દીધા છે, અને કયા કયા મહિનામાં વિવિધ સેક્ટરોમાં કેટલા ટકા મોંઘવારી વધી અને રિટેઈલ, ઈન્ડસ્ટ્રીયલ, અર્બન, રૂરલ, ખાદ્યચીજો, શાકભાજી અને મેન્યુફેકચરીંગ સેક્ટરોમાં એક જ મહિનામાં કેટલા ટકા મોંઘવારી વધી તેના ટેબલ રજૂ કર્યા છે. હવે જનતાએ જ નક્કી કરવું પડશે કે **કોણ સચ્ચા.... કોણ જુઠા...।**

કારતક સુદ અગિયારસઃ સ્માર્ત દેવઉઠી પ્રબોધિની એકાદશી

ભગવાન શ્રી વિષ્ણુના યોગનિદ્રામાંથી જાગરણ, ચાતુર્માસની પૂર્ણાહુતિ અને ભક્તિ સાધનાનું મહાપર્વ



પ્રાસંગિક

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ

(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

પ્રભુસ્મરણ અને સત્સંગ દ્વારા આ દુર્ગુણોમાંથી જાગૃત થવું એ જ સાચું આધ્યાત્મિક જાગરણ છે

ભારતીય સનાતન ધર્મ અને સંસ્કૃતિમાં એકાદશીનું વ્રત અત્યંત પવિત્ર પુણ્યદાયી અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. વર્ષ દરમિયાન આવતી ચોવીસ એકાદશીઓમાં કારતક સુદ અગિયારસ એટલે કે દેવઉઠી એકાદશીનું વિશેષ માહાત્મ્ય છે. આ એકાદશીને પ્રબોધિની એકાદશી, દેવપ્રબોધિની એકાદશી, હરિબોધિની એકાદશી અને ઉત્થાન એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે.

'પ્રબોધિની' શબ્દનો અર્થ થાય છે જાગૃત કરનાર કે જાગરણ કરાવનાર. ધાર્મિક માન્યતા અનુસાર અષાઢ સુદ અગિયારસના દિવસે ભગવાન શ્રી વિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિદ્રામાં પોઢે છે અને કારતક સુદ અગિયારસના દિવસે યોગનિદ્રામાંથી જાગૃત થાય છે આથી આ એકાદશી દેવઉઠી એકાદશી તરીકે પ્રસિદ્ધ થઈ છે. આ પર્વ માત્ર ભગવાન શ્રીવિષ્ણુના જાગરણનું પ્રતીક નથી પરંતુ માનવજીવનમાં પણ અજ્ઞાન, આળસ, પ્રમાદ અને મોહની નિદ્રામાંથી જાગીને જ્ઞાન, ભક્તિ, સદાચાર અને આધ્યાત્મિક ચેતના તરફ આગળ વધવાનો પવિત્ર સંદેશ આપે છે.

પ્રબોધિની એકાદશીનું શાસ્ત્રોક્ત માહાત્મ્યઃ-

પદ્મપુરાણના ઉત્તરખંડમાં પ્રબોધિની એકાદશીનું વિસ્તૃત માહાત્મ્ય ૬૧મા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે આ એકાદશી પાપોનો નાશ કરનારી પુણ્યમાં વૃદ્ધિ કરનારી અને મુમુક્ષુઓને મોક્ષ પ્રદાન કરનારી છે. આ દિવસે ઉપવાસ, ભગવાન વિષ્ણુનું પૂજન, તુલસીદલ અર્પણ, મંત્રજાપ, કીર્તન, સત્સંગ અને રાત્રિ જાગરણ કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે. પુરાણમાં આ વ્રતની મહત્તા સમજાવવા માટે અનેક યજ્ઞો અને તીર્થસ્નાન કરતાં પણ તેનું ફળ શ્રેષ્ઠ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે.આ વર્ણનનો આધ્યાત્મિક ભાવ એ છે કે મનુષ્ય માત્ર બાહ્ય ધાર્મિક કર્મકાંડો પૂરતો મર્યાદિત ન રહે પરંતુ પોતાના મનવાણી અને કર્મને પવિત્ર બનાવીને પરમાત્માની ભક્તિમાં જોડાય.



ભગવાન શ્રીવિષ્ણુની યોગનિદ્રા અને ચાતુર્માસની પૂર્ણાહુતિઃ-

ધાર્મિક પરંપરા અનુસાર અષાઢ સુદ અગિયારસને દેવશયની એકાદશી કહેવામાં આવે છે. આ દિવસથી ભગવાન શ્રીવિષ્ણુ ચાર મહિના માટે યોગનિદ્રામાં પોઢે છે, આ ચાર મહિનાના સમયગાળાને ચાતુર્માસ કહેવામાં આવે છે. ચાતુર્માસ દરમિયાન સાધુ સંતો મહાત્માઓ અને સંન્યાસીઓ એક જ સ્થળે રહીને ધર્મપ્રચાર, સત્સંગ, સ્વાધ્યાય, તપ, જપ અને આધ્યાત્મિક સાધનામાં વિશેષ સમય વિતાવે છે. ગૃહસ્થો પણ આ સમય દરમિયાન પોતાની શક્તિ અને શ્રદ્ધા અનુસાર વ્રત, ઉપવાસ, નિયમ, સંયમ અને સદાચારનું પાલન કરે છે.

કારતક સુદ અગિયારસે ભગવાન શ્રી વિષ્ણુના યોગનિદ્રામાંથી જાગૃત થવાની ધાર્મિક માન્યતા સાથે ચાતુર્માસની પૂર્ણાહુતિ થાય છે. આ દિવસ આપણને શીખવે છે કે જીવનમાં સંયમ અને નિયમનું પણ વિશેષ મહત્ત્વ છે. ચાર મહિના સુધી જે સાધના તપશ્ચર્યા અને સાત્વિક જીવનશૈલી અપનાવી હોય તેને માત્ર તહેવાર પૂરો થતાં છોડી દેવાની નથી પરંતુ તેને જીવનનો કાયમી સ્વભાવ બનાવવાનો છે.

સ્માર્ત દેવઉઠી એકાદશીનું વિશેષ મહત્ત્વઃ-

હિંદુ ધર્મમાં એકાદશી વ્રતના પાલન માટે સ્માર્ત અને વૈષ્ણવ પરંપરામાં કેટલીક પંચાંગ આધારિત ભિન્નતાઓ જોવા મળે છે. સ્માર્ત પરંપરા મુખ્યત્વે ગૃહસ્થાશ્રમમાં રહેતા અને સ્મૃતિશાસ્ત્રના નિયમો અનુસાર વ્રત ઉપાસના કરતા લોકો સાથે સંકળાયેલી છે. સ્માર્ત પરંપરામાં સામાન્ય રીતે જે દિવસે સૂર્યોદય સમયે એકાદશી તિથિ હોય તે દિવસે એકાદશી વ્રત રાખવામાં આવે છે જ્યારે વૈષ્ણવ પરંપરામાં દશમીવિદ્ધા, અરૂણોદય અને અન્ય શાસ્ત્રીય નિયમોને ધ્યાનમાં રાખીને ક્યારેક વ્રત બીજા દિવસે રાખવામાં આવે છે. આથી સ્માર્ત દેવઉઠી એકાદશી અને વૈષ્ણવ પ્રબોધિની એકાદશીની તારીખમાં ક્યારેક એક દિવસનો તફાવત જોવા મળે છે.

એકાદશી વ્રતની પૂજાવિધિ અને નિયમોઃ-

દેવઉઠી એકાદશીના દિવસે ભક્તોએ વહેલી સવારે ઊઠીને સ્નાનાદિ નિત્યકર્મ પૂર્ણ કરી ભગવાન શ્રીવિષ્ણુનું સ્મરણ કરવું જોઈએ, ત્યારબાદ વ્રતનો સંકલ્પ કરીને ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની પૂજા કરવી જોઈએ. ભગવાન શ્રીવિષ્ણુને પીળાં વસ્ત્ર પીળાં પુષ્પ અને ચંદન અર્પણ કરવાં, તુલસીદલ સાથે ભગવાન વિષ્ણુનું પૂજન કરવું, ભગવાન વિષ્ણુના મંત્રો વિષ્ણુસહસ્રનામ અને શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પાઠ કરવો, 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રનો જાપ કરવો, દીપદાન, અન્નદાન, ગૌસેવા અને જરૂરિયાતમંદોની સેવા કરવી, આખો દિવસ સાત્વિકતા સંયમ અને પવિત્રતાનું પાલન કરવું. એકાદશીના વ્રતમાં અનાજ અને કઠોળનો ત્યાગ કરવાની પરંપરા છે. પોતાની શારીરિક ક્ષમતા અનુસાર નિર્જળ, જળાહાર, ફળાહાર કે એક ટાણાનું વ્રત કરી શકાય છે. બીમાર વૃદ્ધ અને દવાઓ લેતા લોકોએ સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને વ્રતના નિયમો નક્કી કરવા જોઈએ. એકાદશીના બીજા દિવસે દ્વાદશી તિથિમાં યોગ્ય સમયે પારણું કરવામાં આવે છે.

રાત્રિ જાગરણનું આધ્યાત્મિક મહત્ત્વઃ-

પ્રબોધિની એકાદશીનું એક વિશેષ અંગ છે રાત્રિ જાગરણ. આ રાત્રે ભગવાન શ્રીવિષ્ણુનાં ભજન, કીર્તન, સ્તુતિ, મંત્રજાપ અને ધર્મગ્રંથોના પાઠ કરવામાં આવે છે. પદ્મપુરાણમાં આ એકાદશીની રાત્રે ભગવાન વિષ્ણુના સ્મરણ સાથે જાગરણ કરવાનું વિશેષ ફળ દર્શાવવામાં આવ્યું છે પરંતુ જાગરણનો સાચો અર્થ માત્ર આખી રાત ઊંઘ્યા વિના પસાર કરવો એટલો જ નથી પરંતુ તેનું આંતરિક રહસ્ય એ છે કે મનુષ્યે પોતાના જીવનમાં અજ્ઞાનની નિદ્રામાંથી જાગવું જોઈએ. આપણે ઘણીવાર જીવનની અમૂલ્ય ક્ષણો કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દ્વેષમાં વેડફી નાખીએ છીએ. પ્રભુસ્મરણ અને સત્સંગ દ્વારા આ દુર્ગુણોમાંથી જાગૃત થવું એ જ સાચું આધ્યાત્મિક જાગરણ છે.

તુલસી વિવાહ અને દેવઉઠી એકાદશીનો સંબંધઃ-

કારતક સુદ અગિયારસ પછી તુલસી વિવાહનું પવિત્ર આયોજન થાય છે, અનેક પ્રદેશોમાં કારતક સુદ બારસે તો કેટલીક પરંપરાઓમાં એકાદશીથી પૂર્ણિમા સુધીના અનુકૂળ દિવસે તુલસી વિવાહ કરવામાં આવે છે. ધાર્મિક કથા અનુસાર તુલસીજીને વૃંદાનું સ્વરૂપ માનવામાં આવે છે અને ભગવાન વિષ્ણુ શાલિગ્રામ સ્વરૂપે તેમની સાથે વિવાહ કરે છે. તુલસીજીને ભગવાન વિષ્ણુની અત્યંત પ્રિય માનવામાં આવે છે તેથી વિષ્ણુપૂજામાં તુલસીદલનું વિશેષ મહત્ત્વ છે. તુલસી વિવાહ દ્વારા પવિત્રતા, પતિનિષ્ઠા, સમર્પણ, પ્રેમ અને દાંપત્યજીવનની પવિત્રતાનો સંદેશ આપવામાં આવે છે. આ ઉત્સવ સાથે અનેક પરિવારોમાં લગ્ન સહિતનાં માંગલિક કાર્યોની શરૂઆત કરવાની પરંપરા પણ જોડાયેલી છે.

દાનપુણ્ય અને સેવાકાર્યનું મહત્વઃ-

એકાદશીનું વ્રત માત્ર ઉપવાસ પૂરતું મર્યાદિત ન રહેવું જોઈએ, આ દિવસે દાન અને સેવાકાર્યનું પણ વિશેષ મહત્ત્વ છે. શાસ્ત્રોમાં અન્નદાન, વસ્ત્રદાન, ગૌસેવા, દીપદાન અને જરૂરિયાતમંદોને સહાય કરવાને પુણ્યદાયી માનવામાં આવ્યાં છે. ભગવાનની સાચી ભક્તિ એ છે કે આપણે તેમની રચનાને પ્રેમ કરીએ, દુઃખી અને નિરાધાર વ્યક્તિને સહાય કરીએ, ભૂખ્યાને ભોજન આપીએ, તરસ્યાને પાણી પાઈએ અને કોઈના જીવનમાં આનંદનું કારણ બનીએ. માત્ર મંદિરમાં દીવો પ્રગટાવવો એ જ ભક્તિ નથી પરંતુ કોઈના જીવનમાં આશા અને ખુશીનો દીવો પ્રગટાવવો પણ ભક્તિનું જ સ્વરૂપ છે.

પ્રબોધિની એકાદશીનો આધ્યાત્મિક સંદેશઃ-

આ પર્વનું સૌથી મહત્ત્વનું પાસું એ છે કે ભગવાન શ્રી વિષ્ણુના જાગરણની સાથે આપણે પણ આંતરિક રીતે જાગૃત બનીએ. ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે..'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત' જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મનો પ્રભાવ વધે છે ત્યારે ધર્મની સ્થાપના માટે પરમાત્મા અવતાર ધારણ કરે છે. આ શ્લોક આપણને ધર્મ અને સદાચારના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. આપણે પણ પોતાના અંતરમાં રહેલા અજ્ઞાન-અહંકાર અને આસક્તિના અંધકારને દૂર કરીને જ્ઞાન, પ્રેમ, દયા, ક્ષમા અને કરૂણાના ગુણો કેળવીએ.

દેવઉઠી એકાદશી આપણને પાંચ મહત્ત્વપૂર્ણ સંકલ્પો કરવાની પ્રેરણા આપે છે. મનમાંથી દ્વેષ અને ઈર્ષ્યાનો ત્યાગ કરી પ્રેમ અને સદ્‌ભાવના કેળવીએ, વાણીમાં મધુરતા રાખીને કોઈને દુઃખ ન પહોંચાડીએ, લોભ અને અહંકારથી દૂર રહી સંતોષ અને નમ્રતાનો સ્વીકાર કરીએ, સત્સંગ, સ્વાધ્યાય, પ્રભુસ્મરણ અને સેવાકાર્યને જીવનનો અભિન્ન ભાગ બનાવીએ, દરેક જીવમાં પરમાત્માની રચનાનાં દર્શન કરીને સૌની સાથે માનવતાપૂર્ણ વ્યવહાર કરીએ.

કારતક સુદ અગિયારસ એટલે દેવઉઠી પ્રબોધિની એકાદશી એ ભક્તિ, શ્રદ્ધા, સંયમ, સાધના અને આત્મજાગૃતિનું પવિત્ર પર્વ છે. ભગવાન શ્રી વિષ્ણુના યોગનિદ્રામાંથી જાગૃત થવાની ધાર્મિક માન્યતા આપણને જીવનમાં નવી ચેતના અને આધ્યાત્મિક જાગૃતિ લાવવાનો સંદેશ આપે છે. ચાતુર્માસ દરમિયાન કરેલી સાધના, તપ, જપ, વ્રત અને નિયમોનું જીવનમાં સતત પાલન કરવાનો આ અવસર છે. ઉપવાસથી શરીરની શુદ્ધિ, સત્સંગથી મનની શુદ્ધિ, સ્વાધ્યાયથી બુદ્ધિની શુદ્ધિ અને પરમાત્માના જ્ઞાનથી આત્માની જાગૃતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ભગવાનને જગાડવા કરતાં પહેલાં આપણે આપણી અંદર રહેલી સુષુપ્ત ચેતનાને જગાડવાની જરૂર છે. જ્યાં સુધી મનુષ્ય અજ્ઞાન અહંકાર અને મોહની નિદ્રામાંથી જાગતો નથી ત્યાં સુધી તેના જીવનમાં સાચો આધ્યાત્મિક પ્રકાશ પ્રગટતો નથી.

આ પવિત્ર દેવઉઠી એકાદશીના અવસરે સંકલ્પ કરીએ કે માત્ર ભગવાનના જાગરણનો ઉત્સવ જ નહીં ઊજવીએ પરંતુ આપણા અંતરમાં પણ જ્ઞાન, ભક્તિ, પ્રેમ, કરૂણા અને માનવતાનો દિવ્ય પ્રકાશ પ્રગટાવીને જીવનને પવિત્ર અને પરમાર્થમય બનાવીએ. ભગવાન શ્રીવિષ્ણુ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદ્‌બુદ્ધિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્ટ પર વૈશ્વિક અર્થતંત્રની વધતી નિર્ભરતા ચિંતાજનક

આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્ટ કંપનીઓ વચ્ચેનું સર્ક્યુલર ફાઈનાન્સિંગ એક ટ્રિલિયન ડોલરને પાર, રોકાણકારોનો વિશ્વાસ ડગે તો બજારોમાં મોટો ઘટાડો આવી શકેઃ આઈએમએફ ચીફ ક્રિસ્ટાલિના જ્યોર્જિવા

વિશ્વનું અર્થતંત્ર હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્ટ (એ.આઈ.) ક્ષેત્રના જોરે આગળ વધી રહ્યું છે, પરંતુ આ ક્ષેત્ર પરની અતિશય નિર્ભરતા વૈશ્વિક નાણાકીય સ્થિરતા માટે જોખમ ઊભું કરી શકે છે. આઈએમએફના અંદાજ પ્રમાણે એ.આઈ. કંપનીઓ વચ્ચેનું સર્ક્યુલર ફાઈનાન્સિંગ વધીને એક ટ્રિલિયન ડોલરથી વધારે થઈ ગયું છે. એ.આઈ.માં ઝડપથી વૃદ્ધિ પામતા રોકાણે વિશ્વના અર્થતંત્રોને નવી ઝડપ પૂરી પાડી છે. પણ આ ક્ષેત્ર પર વધતી નિર્ભરતા હવે નાણાકીય સ્થિરતા માટે જોખમ બની શકે છે તેમ આઈએમએફના ચીફ ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ ચેતવણી આપી છે.

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (આઈએમએફ)ની એમડી ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ કહ્યું કે જો એ.આઈ. સેક્ટરમાં રોકાણકારોનો ભરોસો અચાનક ડગમગ્યો કે નબળો પડ્યો તો તેમા કડાકો બોલી શકે છે. આ સંજોગોમાં વિશ્વસ્તરની આર્થિક વૃદ્ધિ પર અસર પડી શકે છે અને વિશ્વના બજારોમાં અસ્થિરતા વધી શકે છે.

ફિલિપાઈન્સમાં એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ (આસિયાન)ના શિખર સમેલન દરમિયાન જ્યોર્જિવાએ જણાવ્યું હતું કે હાલમાં વિશ્વભરના અર્થતંત્રો જાણે એ.આઈ.ના સહારે ઊભા હોય તેવી સ્થિતિ છે, જ્યારે સામાન્ય સંજોગોમાં આવું ન હોય. શરીરનો બધો જ ભાર એક જ પગ પર હોય તો શું સ્થિતિ થાય..? બસ આવી જ સ્થિતિ હાલમાં વૈશ્વિક અર્થતંત્રોની છે. બધા એક જ લાકડીના આધારે ટકેલા છે. હવે આ ટેકણ લાકડી નબળી પડે તો નાણાકીય અસ્થિરતા સર્જી શકે છે. તેમણે વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું હતું કે, અર્થતંત્ર જાણે અત્યારે 'એ.આઈ.ના એક જ પગ' પર ઊભું છે. તેમનો સંકેત એ હતો કે વૈશ્વિક આર્થિક વૃદ્ધિમાં એ.આઈ. ક્ષેત્રનું યોગદાન અને તેના પરની નિર્ભરતા સતત વધી રહી છે. જો આ ક્ષેત્રમાં મંદી આવે અથવા રોકાણકારોનો વિશ્વાસ ડગે તો તેની અસર સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર પર પડી શકે છે.

આઈએમએફના અંદાજ પ્રમાણે એ.આઈ. કંપનીઓ વચ્ચેનું સર્ક્યુલર ફાઈનાન્સિંગ વધીને ૧ ટ્રિલિયન ડોલરથી થોડું વધારે થઈ ગયું છે. આ વ્યવસ્થામાં એક એ.આઈ. કંપનીમાં રોકાણ કરવામાં આવેલા નાણાં આખરે ઓર્ડર અથવા ખરીદીના સ્વરૂપમાં ફરી રોકાણકાર સુધી પહોંચે છે. એટલે કે, રોકાણ અને ખરીદી એકબીજા સાથે જોડાઈને નાણાંનો એક ચક્ર બનાવે છે.



તેમણે એ.આઈ. કંપનીઓ વચ્ચે વધતા સર્ક્યુલર ફાઈનાન્સિંગને લઈને પણ ચિંતા વ્યક્ત કરી હતી. આ વ્યવસ્થામાં એક કંપનીમાં કરવામાં આવેલું રોકાણ છેવટે ઓર્ડર કે ખરીદીના માધ્યમથી રોકાણકારની પાસે પરત પહોંચે છે. આઈએમએફના અનુમાન મુજબ એ.આઈ. કંપનીઓમાં આ પ્રકારના સરક્યુલર ફાઈનાન્સિંગનો આકાર એક લાખ કરોડ ડોલરથી પણ વધારે થઈ ચૂક્યો છે. તેમાં લગભગ બે તૃતિયાંશ હિસ્સો તો દેવાનો જ છે. હાલમાં તો તેનું કદ મોટું નથી, પરંતુ આ પ્રકારનું સરક્યુલર ફાઈનાન્સિંગ જે રીતે વધી રહ્યું છે તે બાબત ચિંતાજનક છે. એ.આઈ. સેક્ટરમાં સરક્યુલર ફાઈનાન્સિંગની ચર્ચામાં ચિપ ઉત્પાદક કેન્દ્ર એનવિડિયા પણ છે. છેલ્લા એક મહિનામાં કંપનીના માર્કેટ કેપમાં એક લાખ કરોડ ડોલરથી પણ વધુનો કડાકો બોલ્યો છે.



આઈએમએફ પ્રમુખની ચેતવણી એવા સમયે આવી છે જ્યારે એ.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વૈશ્વિક આર્થિક વૃદ્ધિ માટે મહત્ત્વનો આધાર બની ગયું છે. ઊર્જા સંકટ અને ભૂરાજકીય તનાવના લીધે કેટલીય વૈશ્વિક વ્યવસ્થાઓની વૃદ્ધિ પર અસર પડી છે.

(સંપૂર્ણ સમાચાર સેવા)

સ્પોર્ટ્સ ન્યુઝ

જસપ્રીત બુમરાહની ઐતિહાસિક સિદ્ધિ

ટેસ્ટ ક્રિકેટમાં ભારતના ટોપ-૧૦ વિકેટ લેનારા બોલરોમાં બુમરહે સ્થાન મેળવ્યું

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ૨૩૭મી વિકેટ ઝડપીને શ્રીનાથને પાછળ છોડ્યા; કુંબલે ૬૧૯ વિકેટ સાથે પ્રથમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વેલિંગ્ટન, તા.૧૯ : ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ટેસ્ટ ક્રિકેટમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ પોતાના નામે કરી છે. ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં ત્રણ વિકેટ ઝડપવાની સાથે જ બુમરાહ ભારત તરફથી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોપ-૧૦ બોલરોની યાદીમાં સામેલ થઈ ગયો છે. તેણે પૂર્વ ભારતીય ઝડપી બોલર જવાગલ શ્રીનાથને પાછળ છોડીને આ સિદ્ધિ મેળવી છે. મેચની પ્રથમ ઈનિંગમાં બુમરાહે પોતાની ઘાતક બોલિંગનો પરચો આપતાં પ્રથમ ઓવરમાં જ ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લાથમને શાનદાર ઈનસ્વિંગ બોલ પર ક્લીન બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ ડેરિલ મિચેલને યશસ્વી જયસવાલના હાથે કેચ આઉટ કરાવી બીજી સફળતા મેળવી હતી. આ વિકેટ સાથે તેણે જવાગલ શ્રીનાથની વિકેટ સંખ્યાની બરોબરી કરી હતી. ત્યારબાદ ટોમ બ્લંડેલને આઉટ કરીને બુમરાહે ટેસ્ટ કારકિર્દીની ૨૩૭મી વિકેટ પોતાના નામે કરી હતી. આ સાથે જ તેણે શ્રીનાથને પાછળ છોડીને ભારતીય ટેસ્ટ ક્રિકેટના સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું હતું.

ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ પૂર્વ લેગ સ્પિનર અનિલ કુંબલેના નામે છે. કુંબલેએ ૧૩૨ ટેસ્ટ મેચમાં કુલ ૬૧૯ વિકેટ ઝડપી છે. જ્યારે ૫૩૭ વિકેટ સાથે આર. અશ્વિન બીજા ક્રમે છે. અશ્વિને તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

ભારતના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ઓલરાઉન્ડર કપિલ દેવ ૧૩૧ ટેસ્ટ મેચમાં ૪૩૪ વિકેટ સાથે યાદીમાં ત્રીજા ક્રમે છે. જ્યારે હરભજનસિંહ ૪૧૭ વિકેટ સાથે ચોથા અને રવીન્દ્ર જાડેજા ૩૫૬ વિકેટ સાથે પાંચમા ક્રમે છે.

ભારત માટે ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોપ-૧૦ બોલરો

૧. અનિલ કુંબલે — ૬૧૯ વિકેટ
૨. આર. અશ્વિન — ૫૩૭ વિકેટ
૩. કપિલ દેવ — ૪૩૪ વિકેટ
૪. હરભજનસિંહ — ૪૧૭ વિકેટ
૫. રવીન્દ્ર જાડેજા — ૩૫૬ વિકેટ
૬. ઈશાંત શર્મા — ૩૧૧ વિકેટ
૭. ઝહીર ખાન — ૩૧૧ વિકેટ
૮. બિશનસિંહ બેદી — ૨૬૬ વિકેટ
૯. બીએસ ચંદ્રશેખર — ૨૪૨ વિકેટ
૧૦. જસપ્રીત બુમરાહ — ૨૩૭ વિકેટ

ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં સ્પિનરોનું પ્રભુત્વ રહ્યું છે, પરંતુ ઝડપી બોલરોમાં કપિલ દેવ ૪૩૪ વિકેટ સાથે પ્રથમ સ્થાને છે. બુમરાહ પોતાની અનોખી બોલિંગ એક્શન, સચોટ યોર્કર અને ઘાતક ઈનસ્વિંગના કારણે વિશ્વ ક્રિકેટમાં આગવી ઓળખ ધરાવે છે. ૨૩૭ વિકેટ સાથે ટોપ-૧૦માં સ્થાન મેળવવું તેની ટેસ્ટ કારકિર્દીની વધુ એક નોંધપાત્ર સિદ્ધિ બની છે.

પાકિસ્તાની કેપ્ટન સાથે કેક કાપતા જોવા મળ્યો તિલક વર્મા

રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ માટે ભારતીય ટીમ કતાર પહોંચી; તિલક વર્માના નેતૃત્વમાં યુવા ટીમ સામે શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો પડકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

કતાર, તા.૧૯ : ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટના મેદાન પર હંમેશાં રોમાંચક મુકાબલો જોવા મળતો રહ્યો છે. બંને દેશો વચ્ચેના ક્રિકેટ સંબંધોમાં તણાવની સ્થિતિ વચ્ચે હવે રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૬ પહેલાં સામે આવેલી એક તસવીરે નવી ચર્ચા જગાવી છે. ભારતીય 'A' ટીમના કેપ્ટન તિલક વર્મા પાકિસ્તાની કેપ્ટન સહિત અન્ય દેશોના કેપ્ટનો સાથે કેક કાપતા જોવા મળ્યા છે. આ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યા છે.

રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમ કતાર પહોંચી ગઈ છે. ટુર્નામેન્ટની શરૂઆત પહેલાં આયોજિત સત્તાવાર ફોટોશૂટ અને કાર્યક્રમ દરમિયાન વિવિધ દેશોની ટીમોના કેપ્ટનો એક મંચ પર એકત્રિત થયા હતા. આ પ્રસંગે રમતગમતની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે કેક કાપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ભારતીય 'A' ટીમના કેપ્ટન તિલક વર્માએ પાકિસ્તાની કેપ્ટન સહિત અન્ય ટીમોના સુકાનીઓ સાથે મળીને કેક કાપી હતી અને કેમેરા સામે પોઝ પણ આપ્યા હતા. આ પ્રસંગના ફોટા અને વીડિયો સામે આવતાં ક્રિકેટ ચાહકોમાં ચર્ચા શરૂ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૫માં યોજાયેલા એશિયા કપ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુકાબલામાં ખેલાડીઓએ એકબીજા સાથે હાથ મિલાવ્યા નહોતા.

ભારતીય T20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે આ નિર્ણય અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, તે BCCI અને ભારત સરકારના નિર્દેશો અનુસાર લેવાયો હતો.

આ ઘટનાની પૃષ્ઠભૂમિમાં તિલક વર્માની પાકિસ્તાની કેપ્ટન સાથે કેક કાપતી તસવીરો સામે આવતાં સોશિયલ મીડિયા પર વિવિધ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક ચાહકોએ અગાઉના વલણનો ઉલ્લેખ કરીને સવાલો ઉઠાવ્યા છે, જ્યારે કેટલાકે રમતગમતના કાર્યક્રમને અલગ દૃષ્ટિકોણથી જોવાની વાત કરી છે. બીજી તરફ, હવે તમામની નજર મેદાન પરના પ્રદર્શન પર છે. તિલક વર્માના નેતૃત્વ હેઠળ ભારતીય 'A' ટીમ પાસે ટુર્નામેન્ટમાં પોતાની પ્રતિભા સાબિત કરવાની તક છે. ટીમમાં અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશી જેવા પ્રતિભાશાળી ખેલાડીઓનો સમાવેશ હોવાથી ચાહકોની અપેક્ષાઓ પણ વધી છે.

યુવા ખેલાડીઓ માટે આ ટુર્નામેન્ટ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ક્ષમતા દર્શાવવાનું મહત્વપૂર્ણ મંચ બની શકે છે. ખાસ કરીને તિલક વર્મા માટે બેટિંગની સાથે ટીમનું નેતૃત્વ કરવાની પણ કસોટી રહેશે.

ફોટોશૂટ દરમિયાન બંને દેશોના કેપ્ટનો એકસાથે જોવા મળ્યા હોય, પરંતુ ક્રિકેટના મેદાન પર સ્પર્ધાત્મક ભાવના અલગ જ જોવા મળશે. રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં ભારત અને પાકિસ્તાનની ટીમો સામસામે આવે તો આ મુકાબલા પર ક્રિકેટપ્રેમીઓની ખાસ નજર રહેશે. હવે જોવાનું એ રહેશે કે તિલક વર્માની આગેવાનીમાં ભારતીય યુવા ટીમ ટુર્નામેન્ટમાં કેવું પ્રદર્શન કરે છે.

કેન્દ્ર સરકારે બદલ્યો નિયમ

નવી BS-6 ગાડીઓમાં PUC રિન્યુ કરાવવાની ઝંઝટ ઘટી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯

વાહનોના PUC (Pollution Under Control) સર્ટિફિકેટની માન્યતાના સમયગાળામાં કેન્દ્ર સરકારે મોટો ફેરફાર કર્યો છે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ Central MOor Vehicles (16th Amendment) Rules, 2026 મારફતે આ સુધારા જાહેર કર્યા છે, જે રાજપત્રમાં પ્રકાશિત થતાં જ અમલમાં આવ્યા છે. નવા નિયમો મુજબ, હવે નવી BS-6 ખાનગી ગાડીઓના માલિકોએ દર ૬ મહિને કે દર વર્ષે PUC રિન્યુ કરાવવાની જરૂર રહેશે નહીં.

સરકારે BS-6 વાહનોની ઉંમરના આધારે PUC સર્ટિફિકેટની માન્યતા નક્કી કરી છે:

BS-6 ખાનગી વાહનો: ૬ વર્ષ સુધી જૂનાં વાહનો માટે PUC ૩ વર્ષ સુધી માન્ય રહેશે. ૬ વર્ષથી વધુ અને ૧૦ વર્ષ સુધી જૂનાં વાહનો માટે દર વર્ષે PUC રિન્યુ કરાવવી પડશે, જ્યારે ૧૦ વર્ષથી વધુ જૂનાં વાહનોએ દર ૬ મહિને રિન્યુ કરાવવી પડશે.

BS-6 ટ્રાન્સપોર્ટ અને કોમર્શિયલ વાહનો: ૬ વર્ષ જૂનાં વાહનો માટે PUC ૨ વર્ષ સુધી માન્ય રહેશે. ૬ વર્ષથી વધુ અને ૧૦ વર્ષ સુધી જૂનાં વાહનો માટે દર વર્ષે તથા ૧૦ વર્ષથી વધુ જૂનાં વાહનો માટે દર ૬ મહિને PUC રિન્યુ કરાવવાની રહેશે.

જૂના BS-1 થી BS-4 વાહનો અને હાલના PUC પર અસર: BS-1, BS-2, BS-3 અને BS-4 ધોરણનાં વાહનો માટે અગાઉના નિયમો જ ચાલુ રહેશે અને તેમાં કોઈ લાંબી રાહત અપાઈ નથી. BS-1, BS-2 અને BS-3 વાહનો માટે PUC ની માન્યતા અગાઉની જેમ ૩ મહિના તથા BS-4 વાહનો માટે ૬ મહિના રહેશે.

બીજી તરફ, નવો નિયમ લાગુ થયા પહેલાં જે PUC સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે તેની માન્યતા આપમેળે બદલાશે નહીં. નવા નિયમ અમલમાં આવ્યા બાદ પહેલી વખત PUC રિન્યુ કરાવવામાં આવે ત્યારે નવી સમયમર્યાદાનો લાભ મળશે. આથી વાહનચાલકોએ હાલના સર્ટિફિકેટની એક્સપાયરી તારીખ ધ્યાનમાં રાખવી જરૂરી છે.

FICCIના મંચ પરથી PM મોદીએ ગણાવી સરકારની સિદ્ધિઓ

ગાળો આપવાથી દેશનો વિકાસ નહીં થાય : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

FICCIના શતાબ્દી સંમેલનમાં ભારતની આર્થિક પ્રગતિનો ઉલ્લેખ; ૧૨-૧૩ વર્ષમાં ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોવાનો વડાપ્રધાનનો દાવો



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ FICCIના શતાબ્દી સંમેલનને સંબોધિત કરતાં દેશની આર્થિક પ્રગતિ, ગરીબી નાબૂદી અને ઔદ્યોગિક વિકાસ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ દરમિયાન તેમણે રાજકીય વિરોધીઓને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, સવાર-સાંજ માત્ર ગાળો આપવાથી દેશનો વિકાસ થતો નથી. દેશને આગળ લઈ જવા માટે સકારાત્મક વિચારધારા, યોગ્ય નીતિ અને સંકલ્પબદ્ધ પ્રયાસોની જરૂર છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. દેશનો આર્થિક વિકાસ દર આશરે ૭ ટકા રહેવાનો અંદાજ છે. ભારતની આર્થિક પ્રગતિને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ માન્યતા મળી રહી છે. મૂડીઝ, S&P ગ્લોબલ રેટિંગ્સ, ફિચ રેટિંગ્સ, વિશ્વ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી સંસ્થાઓ ભારતના આર્થિક વિકાસ અંગે સકારાત્મક અંદાજ વ્યક્ત કરી રહી છે.

દેશની આર્થિક સ્થિતિ અંગે વાત કરતાં વડાપ્રધાને ઓક્ટોબર મહિનાના નિકાસના આંકડાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં ભારતની ગુડ્સ એક્સપોર્ટ લગભગ ૫૦ અબજ ડોલર સુધી પહોંચી હતી, જે એક મહિનાની નિકાસનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમના મતે, ભારતની આર્થિક મજબૂતી પાછળ યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને ઉદ્યોગ જગતના લોકોના સંયુક્ત પ્રયાસો જવાબદાર છે. ગરીબી નાબૂદી અંગે વડાપ્રધાને જણાવ્યું હતું કે ૧૯૭૦ના દાયકામાં દેશમાં ગરીબી હટાવોનો નારો આપવામાં આવ્યો હતો. તે સમયે દેશની વસ્તી આશરે ૫૦ કરોડ હતી. જોકે, યોગ્ય નીતિ અને મજબૂત ઇરાદાના અભાવે ગરીબી દૂર કરવાના પ્રયાસોને અપેક્ષિત સફળતા મળી નહોતી.

વડાપ્રધાને દાવો કર્યો હતો કે તેમની સરકારના છેલ્લા ૧૨થી ૧૩ વર્ષના પ્રયાસોને કારણે દેશના આશરે ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમણે વિશ્વ બેંકના અહેવાલનો ઉલ્લેખ કરતાં આ સિદ્ધિને દેશની વિકાસયાત્રાનું મહત્વપૂર્ણ પરિણામ ગણાવ્યું હતું. ભારતીય અર્થવ્યવસ્થાના છેલ્લા ૧૦૦ વર્ષના ઇતિહાસનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે દેશે લાઇસન્સ-ક્વોટા રાજ, રાષ્ટ્રીયકરણના પ્રયોગો અને એક સમયે ફેજાઇલ ફાઇવ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા જેવી પરિસ્થિતિઓનો સામનો કર્યો છે.

જોકે, છેલ્લા ૧૨ વર્ષમાં દેશે આર્થિક ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન અનુભવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને ઉદ્યોગકારોની ભાગીદારીથી ભારત નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે. FICCIની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે વડાપ્રધાને સંસ્થાની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ સંસ્થા ૧૦૦ વર્ષ સુધી સક્રિય રહીને સમયની સાથે બદલાતી રહે તે પોતાનામાં મોટી સિદ્ધિ છે. FICCIએ ભારતીય ઉદ્યોગ જગતની અનેક સફળતાઓ અને પરિવર્તનો જોયાં છે. હવે આગામી ૨૦ વર્ષમાં ભારતીય ઉદ્યોગ કઈ નવી ઊંચાઈઓ હાંસલ કરી શકે તે દિશામાં વિચારવાનો સમય આવી ગયો છે. વડાપ્રધાને ઉદ્યોગ જગતને નવી તકોનો લાભ લેવા, નવીનતા અપનાવવા અને ભારતને વૈશ્વિક આર્થિક શક્તિ બનાવવામાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

વડાપ્રધાને નક્સલવાદના મુદ્દે પણ મંત્રીઓ અને અધિકારીઓને સાવચેત રહેવા જણાવ્યું હતું. નક્સલવાદ સામે અત્યાર સુધી થયેલી કામગીરી બાદ પણ બેદરકારી દાખવવી નહીં અને આ સમસ્યા ફરી માથું ન ઊંચકે તે માટે સતત તકેદારી રાખવી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ બેઠકમાં દેશની આર્થિક સ્થિતિ, ગરીબી નાબૂદી, સામાજિક સુરક્ષા, યુવાનોનું ભવિષ્ય અને આંતરિક સુરક્ષા જેવા મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વડાપ્રધાનનો મુખ્ય સંદેશ એ રહ્યો કે દેશની પ્રગતિ માત્ર આર્થિક વિકાસથી નહીં, પરંતુ નાગરિકોમાં બચત, શિસ્ત અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાથી પણ શક્ય બનશે.

સામાન્ય ટેસ્ટમાં પકડવું મુશ્કેલ

સસ્તા સોનાની લાલચમાં સાવધાન : બજારમાં ચીની પાઉડરથી ભેળસેળનો નવો ખેલ

લગ્નગાળા પૂર્વે સોનામાં ભારે ધાતુઓ ભેળવી વજન વધારવાના કૌભાંડનો ખુલાસો; ગ્રાહકોને આધુનિક તપાસ પર ભાર મૂકવા સૂચન



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯

વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ઘરઆંગણે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાનો માહોલ છે અને દેવઉઠી એકાદશી બાદ શુભકાર્યો તથા લગ્નગાળાની શરૂઆત થવા જઈ રહી છે. આવા સમયે સસ્તા સોનાની ખરીદી કરતા ગ્રાહકો માટે ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. બજારમાં સોનામાં ભેળસેળનો એક એવો ખેલ ચાલી રહ્યો છે કે જેને પકડવામાં ભારે મુશ્કેલી પડે છે. સોનામાં ભારે ધાતુઓનો બારીક પાઉડર ભેળવીને તેનું વજન વધારવામાં આવે છે, જેને બજારમાં ગોલ્ડ પાઉડર કે ચીની પાઉડર તરીકે ઓળખવામાં આવે છે. આ પાઉડર સોનામાં ભેળવ્યા બાદ એવી રીતે ભળી જાય છે કે સોનું એકદમ અસલી જ દેખાય, પરંતુ તેની વાસ્તવિક શુદ્ધતા ઘટી જાય છે.

ઇન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA) ના રાજસ્થાન પ્રદેશ અધ્યક્ષ નવીન સોનીએ જણાવ્યું છે કે આ પ્રકારની ભેળસેળ મોટો પડકાર બની રહી છે. સામાન્ય એસિડ ટેસ્ટ અને કસોટી પર તપાસ કરવાથી પણ આ ભેળસેળ વિશે જાણી શકાતું નથી. જ્યારે દાગીના બનાવવા માટે સોનાને ગાળવામાં આવે અને પ્રોસેસ કરવામાં આવે ત્યારે વાસ્તવિક સોનાનું પ્રમાણ ઓછું નીકળે ત્યારે આ હકીકત સામે આવે છે. નવીન સોનીએ સોનામાં થઈ રહેલી આવી ભેળસેળ સામે ભારત સરકારને કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

શરાફા કારોબારના જાણકારોના જણાવ્યા અનુસાર, બજારમાં ચીની પાઉડર વેચનારા દલાલો સક્રિય છે અને આ પાઉડર અલગ-અલગ ક્વોલિટીમાં મળે છે. સામાન્ય એસિડ ટેસ્ટ, કસોટી અને જૂની કેરેટ તપાસ મશીનોથી તેની ઓળખ કરવી અત્યંત મુશ્કેલ છે. એટલું જ નહીં, આવા ભેળસેળિયા સોના અંગે ફરિયાદો પણ સામે આવી છે, જેના કારણે ગ્રાહકો માટે અસલી અને ભેળસેળવાળા સોના વચ્ચે તફાવત પારખવો મોટો પડકાર બની શકે છે.

શરાફા વેપારીઓ અનુસાર, છેલ્લા બે-ત્રણ વર્ષથી સોનામાં રૂથેનિયમ અને ઇરિડિયમ જેવી ભારે ધાતુઓની ભેળસેળની ફરિયાદો મળી રહી છે. આ ધાતુઓનું ઘનત્વ સોના કરતાં વધુ હોવાથી તેની હાજરીથી વજન વધી જાય છે, જ્યારે સોનાનું ખરું પ્રમાણ ઓછું રહે છે. જાણકારો મુજબ, આ કથિત ગોલ્ડ પાઉડર મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના માર્ગે બજારો સુધી પહોંચી રહ્યો છે અને તેને ચીનમાં તૈયાર કરાતો હોવાની આશંકા છે. તેનો ભાવ સોનાના ભાવની સરખામણીએ લગભગ ૧૦ ટકા જેટલો હોવાનું કહેવાય છે.

વિશેષજ્ઞોના મતે, આ પ્રકારની ભેળસેળ પકડવા માટે એક્સ-રે (X-Ray) કે ઇલેક્ટ્રોન જેવી આધુનિક તપાસ ટેક્નોલોજીની મદદ લઈ શકાય છે. લગ્નગાળામાં સોનાની ખરીદી કરતી વખતે માત્ર ચમક, વજન, કસોટી કે સામાન્ય તપાસ પર આધાર રાખવો પૂરતો નથી. ગ્રાહકોએ વિશ્વસનીય જ્વેલર પાસેથી જ ખરીદી કરવી, હોલમાર્કની સત્તાવાર રીતે ખાતરી કરવી અને શંકા જણાય તો માન્યતા પ્રાપ્ત લેબમાં વિસ્તૃત તપાસ કરાવવી જોઈએ.

૫૫ વર્ષ અગાઉ પીએફના ૯૦% પૈસા ઉપાડી શકાશે : EPFO

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ પીએફ (PF) ઉપાડના નિયમો સરળ બનાવતાં નોકરી કરતા કર્મચારીઓને મોટી રાહત મળી છે. નવા નિયમો મુજબ, ૫૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્યો જરૂર પડ્યે તેમના પાત્ર EPF ખાતાના બેલેન્સના ૯૦ ટકા સુધી રકમ ઉપાડી શકશે, જે અગાઉ ૭૫ ટકા હતી. સાથોસાથ, ખાતામાં ૨૫ ટકા લઘુત્તમ બેલેન્સ જાળવવાની મર્યાદા ઘટાડીને માત્ર ૧૦ ટકા કરવામાં આવી છે—જેમ કે રૂ.૧૦ લાખના બેલેન્સ સામે અગાઉ રૂ.૨.૫ લાખ ઉપાડી શકાતા નહોતા, જ્યારે હવે માત્ર રૂ.૧ લાખ રાખીને બાકીના રૂ.૯ લાખ જરૂર પડ્યે ઉપાડી શકાશે.

નવી જોગવાઈઓ હેઠળ બેરોજગારી અથવા આંશિક ઉપાડ માટે જરૂરી લઘુત્તમ EPF સભ્યપદનો સમયગાળો ૧૨ મહિનાથી ઘટાડીને માત્ર ૨ મહિના કરવામાં આવ્યો છે, જે આવક કે નોકરી ગુમાવવાના સમયે નાણાકીય રાહત આપશે. EPF યોજના ૨૦૨૬ હેઠળ આંશિક ઉપાડની જોગવાઈઓને આવશ્યક જરૂરિયાતો, રહેઠાણ સંબંધિત જરૂરિયાતો અને ખાસ શરતો એમ ત્રણ શ્રેણીઓમાં વહેંચવામાં આવી છે. તબીબી ખર્ચ, બાળકો કે પરિવારના સભ્યોનું શિક્ષણ, લગ્ન તેમજ ઘર કે પ્લોટ ખરીદવા, હોમ લોન ચૂકવવા કે ઘરના સમારકામ માટે નિયમો અને પાત્રતા મુજબ ભંડોળ ઉપાડી શકાશે. જોકે, દરેક સભ્ય શરતો વિના પૂર્ણ રકમ ઉપાડી શકશે નહીં અને પાત્રતા તથા નિયમો લાગુ રહેશે. ઉપાડના નિયમો હળવા કરવાની સાથે EPFO પોર્ટફોલિયોના વૈવિધ્યીકરણ અને લાંબા ગાળે વધુ સારા વળતર માટે વૈકલ્પિક રોકાણ ભંડોળ (AIFs) માં વાર્ષિક નવા યોગદાનના મહત્તમ ૩ ટકા સુધી રોકાણ કરવા વિચારી રહી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) ની બેઠકમાં આ દરખાસ્ત પર ચર્ચા થવાની અપેક્ષા છે. NIIF અને SIDBI (સ્ટાર્ટઅપ ઇન્ડિયા ફંડ ઓફ ફંડ્સ ૨.૦) મારફતે આ રોકાણ થઈ શકે છે, જેનું મૂલ્યાંકન, જોખમ વિશ્લેષણ અને સમીક્ષા સંબંધિત સમિતિ તથા નિયમો હેઠળ થશે.

અદાણી એનર્જી સોલ્યુશન્સને બિહારમાં ટ્રાન્સમિશન પ્રકલ્પ મળ્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૧૯

ભારતની અગ્રણી ખાનગી ક્ષેત્રની વીજ ટ્રાન્સમિશન અને વીજ વિતરણ કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.ને બિહારના પીરપેંતી ખાતે નિર્માણાધીન ૨૪૦૦ મેગાવોટ ક્ષમતાના વીજ પ્રકલ્પમાંથી વીજળીના નિષ્કમણ માટે એક પ્રકલ્પ મળ્યો હોવાની માહિતી આપતા કંપનીએ આજે જણાવ્યું હતું કે, 'શુલ્ક આધારિત સ્પર્ધાત્મક લિલામની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થયેલ આ પ્રકલ્પ કાર્યરત થયા બાદ વાર્ષિક આશરે રૂા.૫૦૦ કરોડની શુલ્કની આવક પેદા કરશે.

પીરપેંતીમાં આવેલા દરેકની ૮૦૦ મેગાવોટની ક્ષમતાના એવા કુલ ત્રણ એકમમાંથી વીજળીનું નિષ્કમણ (Evacuation of Power from 3X800 MW STPP Pirpainti) શીર્ષક હેઠળનો આ પ્રકલ્પ 'વિક્રમશિલા પાવર ટ્રાન્સમિશન લિ. નામક' 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' થકી અમલી બનાવીને ૨૦૨૮ના છેલ્લા ત્રિમાસિક ગાળા સુધીમાં પૂર્ણ કરાશે. પીરપેંતી પાવર પ્લાન્ટમાંથી વીજળીના ઇવેક્યુએશન ઉપરાંત આ પ્રકલ્પ રાજ્યના ટ્રાન્સમિશન માળખાને મજબૂત બનાવી વીજ પુરવઠાની વિશ્વસનીયતામાં વધારો કરશે.

અદાણી એનર્જી સોલ્યુશન્સના સી.ઈ.ઓ શ્રી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, '૨,૪૦૦ મેગાવોટની વીજ ઉત્પાદન ક્ષમતા માટે પીરપેંતી ટ્રાન્સમિશન યોજના એક મજબૂત ઇવેક્યુએશનની વ્યવસ્થાનું નિર્માણ કરી બિહારના ટ્રાન્સમિશન માળખાને વધુ સુદૃઢ બનાવશે. તેમણે જણાવ્યું હતું કે, આના પરિણામે ગ્રીડની વિશ્વસનીયતા અને સ્થિતિસ્થાપકતા વધવા સાથે બિહાર રાજ્યને તેની વધતી જતી વીજળીની માંગ પૂરી કરવામાં મદદ મળશે. તેમણે આ તકે દેશની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષાને આધાર આપે તેવું વિશ્વસનીય અને કાર્યક્ષમ ટ્રાન્સમિશન માળખું વિકસાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રકલ્પ સંપન્ન થતાં અદાણી એનર્જી સોલ્યુશન્સના વીજ વિતરણ પોર્ટફોલિયોમાં ૮૮૧ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમિશન લાઈન્સ અને ૩,૧૬૦ MVA ટ્રાન્સફોર્મેશન ક્ષમતા ઉમેરાવાથી કુલ ક્ષમતા વધીને ૩૦,૬૮૩ સર્કિટ કિલોમીટર અને ૧૪૬,૫૮૫ MVA થશે. આ સાથે કંપનીનું ટ્રાન્સમિશન ક્ષેત્રમાં મૂડી રોકાણ હવે અંદાજે રૂા.૯૧,૫૦૦ કરોડ પહોંચ્યું છે.

આ પ્રકલ્પમાં ઝાંઝરપુર, બેથૌલી અને બેગુસરાય ખાતે ચાર 'ગેસ ઇન્સ્યુલેટેડ સબસ્ટેશન્સ'નું નિર્માણ અને તેને સંલગ્ન ટ્રાન્સફોર્મેશન ક્ષમતા સામેલ છે. ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૪૦૦ kV DCDS પીરપેંતી ઝાંઝરપુર, પીરપેંતી-બેગુસરાઈ અને બેગુસરાઈ-બખ્તિયારપુર લાઈન્સ તેમજ ૨૨૦ kV DCDS ઝાંઝરપુર-બેથૌલી અને બેગુસરાઈ-બેગુસરાઈ ટાઉન લાઈન્સનો સમાવેશ થશે. તેમાં ઝાંઝરપુર ખાતે હાલની 220 kV અને 132 kV ટ્રાન્સમિશન લાઇનની LILO અને બખ્તિયારપુર GSS ખાતે 400 kV લાઈન બેઝનું બાંધકામ પણ સામેલ હશે.

બાંગ્લાદેશમાં રાજકીય હિંસાએ ફરી માઝા મૂકી

બાંગ્લાદેશમાં ફરી હિંસા, યુનુસના પૈતૃક ઘરને આગ, ૨૮ જિલ્લાઓમાં બોમ્બ ધડાકા

અવામી લીગના લોકડાઉનના એલાન પહેલાં દેશભરમાં તોડફોડ, આગચંપી અને હિંસામાં ચાર લોકોનાં મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઢાંકા, તા.૧૯

બાંગ્લાદેશ ફરી એકવાર ભીષણ રાજકીય હિંસા અને આગચંપીની આગમાં લપેટાયું છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પ્રતિબંધિત પાર્ટી અવામી લીગ દ્વારા જાહેર કરાયેલા 'લૉકડાઉન' પૂર્વે દેશભરમાં ભારે બબાલ મચી ગઈ છે. રાજધાની ઢાકા સહિત દેશના અનેક ભાગોમાં દેશી બોમ્બના ધડાકા અને તોડફોડના બનાવો સામે આવ્યા છે.

છેલ્લા બે દિવસમાં ઉપદ્રવીઓએ ચટગાંવના પાંચલાઈસ વિસ્તારમાં આવેલા વચગાળાની સરકારના પૂર્વ વડા મોહમ્મદ યુનુસના પૈતૃક નિવાસસ્થાનને આગ ચાંપી દીધી હતી. આ ઉપરાંત સિલહટ, રાજશાહી, બારીસાલ અને ફરીદપુરમાં યુનુસની 'ગ્રામીણ બેંક'ની અનેક શાખાઓને પણ આગના હવાલે કરવામાં આવી છે. બીજી તરફ, વડાપ્રધાન તારિક રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના કાર્યકરોએ પણ ઢાકામાં અવામી લીગના બે નેતાઓના ઘર પર હુમલો કરી આગ લગાવી હોવાના અહેવાલ છે.

બાંગ્લાદેશના કુલ 64 વહીવટી જિલ્લાઓમાંથી 28 જિલ્લાઓમાં ડઝનબંધ દેશી બોમ્બ ફૂટ્યા છે અને અનેક વાહનોને ફૂંકી મારવામાં આવ્યા છે. પશ્ચિમી નરાઈલ જિલ્લામાં BNPની રેલી પર અવામી લીગના કાર્યકરોના હુમલામાં સત્તાધારી પક્ષના બે સ્થાનિક નેતાઓના મોત થયા છે. આ ઉપરાંત ફરીદપુર અને પિરોજપુરમાં એક BNP નેતા અને એક પરિવહન કર્મચારીનું મોત નિપજ્યું છે, જ્યારે ઢાકામાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે.

5 ઓગસ્ટ 2024ના રોજ વિદ્યાર્થી આંદોલન બાદ સત્તા ગુમાવીને ભારતમાં આશ્રય લઈ રહેલા શેખ હસીનાને ગત વર્ષે એક વિશેષ ટ્રિબ્યુનલે માનવતા વિરુદ્ધના ગુનાઓ બદલ ગેરહાજરીમાં ફાંસીની સજા સંભળાવી હતી. આ સજાની વરસી નિમિત્તે અવામી લીગે લૉકડાઉનનું એલાન આપ્યું છે. આ મહિનાની શરૂઆતમાં હસીનાએ ફાંસીની સજા છતાં ગમે તે ભોગે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની જાહેરાત કરી હતી, ત્યારથી દેશમાં તણાવ વધી ગયો છે. મંગળવારે તેમના વતન તુંગીપારામાં 30 સમર્થકોની ધરપકડ બાદ ટોળાએ પોલીસ સ્ટેશન ઘેરી લેતા પોલીસે થાણું ખાલી કરવું પડ્યું હતું. બુધવારે રાત્રે વડાપ્રધાન તારિક રહેમાને અવામી લીગને 'આતંકવાદી સંગઠન' અને 'પરાજિત ફાસીવાદી તાકાત' ગણાવી લોકતાંત્રિક દળોને એકજૂટ થવા અપીલ કરી હતી. તેમણે સાંસદોને માત્ર સરકારી તંત્ર પર નિર્ભર ન રહેતા રસ્તા પર ઉતરવા આહ્વાન કર્યું છે. સ્થિતિને કાબૂમાં લેવા ગોપાલગંજ સહિતના સંવેદનશીલ જિલ્લાઓમાં 'બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ' (BGB) ના હજારો જવાનો તૈનાત કરાયા છે.

પોલીસે 24 કલાકના ઓપરેશનમાં એકલા ઢાકામાંથી હસીના કેબિનેટના પૂર્વ શિક્ષણ મંત્રી નુરુલ ઈસ્લામ નાહિદ સહિત 565 લોકોની ધરપકડ કરી છે.

ગૃહમંત્રી સલાહુદ્દીન અહમદે ઓડિયો-વીડિયો પુરાવાના આધારે તોફાનીઓ સામે કડક કાર્યવાહીની ખાતરી આપી છે.

વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

એસએનવીએ ટ્રાવેલટેક લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં યુડીઆરએચપી-૧ ફાઇલ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત,તા.૧૯

એસએનવીએ ટ્રાવેલટેક લિમિટેડ, ડિજિટલ પ્લેટફોર્મ અને સર્વિસ સપોર્ટ ચેનલ્સ દ્વારા ટ્રાવેલ બુકિંગ સોલ્યુશન્સ પૂરા પાડતી ઓનલાઈન ટ્રાવેલ કંપનીએ તેના સૂચિત આઈપીઓ માટે યુડીઆરએચપી-૧ ફાઇલ કર્યું છે.

પ્રસ્તાવિત આઈપીઓમાં રૂા.૧ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૧૨૭,૫૨૫,૦૦૦ ઇક્વિટી શેરની વેચાણ માટેની ઓફર સામેલ છે. પ્રમોટર્સ અને શેર વેચનારા હિસ્સેદારો આલોક કુમાર સિંહ અને વિવેક કુમાર સિંહ પ્રત્યેક વધુમાં વધુ ૬૩,૭૬૨,૫૦૦ ઇક્વિટી શેર વેચવાનો પ્રસ્તાવ ધરાવે છે.

કંપનીએ ૨૯ માર્ચ, ૨૦૨૬ના રોજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ તેના ડ્રાફ્ટ દસ્તાવેજો ગુપ્ત રીતે ફાઇલ કર્યા હતા અને ૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ તેને નિયમનકારી સંસ્થા તરફથી મંજૂરી મળી હતી.

એસએનવીએ ટ્રાવેલટેક ટેક્ટોલોજી આધારિત અને એસેટ-લાઇટ ઓનલાઈન ટ્રાવેલ એજન્સી (ઓટીએ) છે. તે પોતાની 'ટ્રાવોમિન્ટ' વેબસાઇટ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા વિશ્વભરમાં ટ્રાવેલ બુકિંગની સુવિધા પૂરી પાડે છે. ગ્રાહકો દેશની અંદર તેમજ આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઈટ્સ, હોટેલ્સ અને એરપોર્ટ ટ્રાન્સફર, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ, કાર ભાડે મેળવવા તેમજ ગ્રાહકોની જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં આવતા ખાસ હોલિડે પેકેજ જેવી સંબંધિત સેવાઓની માહિતી મેળવી શકે છે, તેમની સરખામણી કરી શકે છે અને બુકિંગ કરાવી શકે છે. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં કંપની ૫૦થી વધુ દેશોમાં અંતિમ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડતી હતી. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં કંપનીની ટેક્ટોલોજી ટીમમાં ૬૭ નિષ્ણાંતો કાર્યરત હતા.

કંપનીએ તેના ડિજિટલ પ્લેટફોર્મ અને મુખ્ય સિસ્ટમ્સ ૧૦૦ ટકા સમય કાર્યરત રહી હોવાનું જણાવ્યું હતું. આ આઈપીઓ માટે ઈક્વિરસ કેપિટલ લિમિટેડ અને આનંદ રાઠી એડવાઇઝર્સ લિમિટેડ બુક રનિંગ લીડ મેનેજર્સ તરીકે કાર્યરત છે.

શેનઝેનમાં ટ્રમ્પ-પુતિનની હાજરીમાં જિનપિંગની ચેતવણી: મહાસત્તાઓ લડશે તો દુનિયામાં અરાજકતા ફેલાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

શેનઝેન, તા.૧૯

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ગુરુવારે ચીનના શેનઝેન ખાતે ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠક યોજી હતી. એપેક (APEC) સમિટ દરમિયાન યોજાયેલી આ બેઠકમાં ત્રણેય મહાસત્તાઓના નેતાઓએ પરમાણુ હથિયારો ઘટાડવા, વૈશ્વિક શાંતિ જાળવવા અને પ્રાદેશિક સંઘર્ષો ઉકેલવા અંગે મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યા હતા. આ ઉપરાંત ટ્રમ્પે જિનપિંગ અને પુતિન સાથે અલગ-અલગ દ્વિપક્ષીય બેઠકો પણ યોજી હતી.

ત્રિપક્ષીય બેઠકમાં નેતાઓના નિવેદનોઃ

શી જિનપિંગઃ ચીનના પ્રમુખ શી જિનપિંગે આ મુલાકાતને અભૂતપૂર્વ મહત્ત્વ ધરાવતી ગણાવી હતી અને કહ્યું હતું કે મોટા દેશો વચ્ચે તંદુરસ્ત વાતચીત એ વૈકલ્પિક નહીં પરંતુ ફરજિયાત છે. જો મોટા દેશો એકબીજા સામે લડશે તો વિશ્વમાં અરાજકતા ફેલાઈ જશે, જ્યારે મહાસત્તાઓ વચ્ચે સુમેળ હોય ત્યારે વિશ્વ શાંત રહે છે. તેમણે પરમાણુ યુદ્ધ ક્યારેય ન જીતી શકાય અને ન લડાવું જોઈએ તેમ જણાવી ઇતિહાસમાંથી બોધપાઠ લેવા હાકલ કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પઃ ડોનાલ્ડ ટ્રમ્પે આ મુલાકાતને ઐતિહાસિક ગણાવી હતી અને જણાવ્યું હતું કે ત્રણેય નેતાઓ વિશ્વમાં ચર્ચાઈ રહેલી તમામ સમસ્યાઓ પર વાતચીત કરશે. તેમણે પૃથ્વી પર પરમાણુ હથિયારોની સંખ્યા ઘટાડવા અને તેના ઉપયોગનું જોખમ ઓછું કરવા અંગે ચર્ચા કરવા માટે અમેરિકા, રશિયા અને ચીન અનોખી સ્થિતિમાં હોવાનું કહ્યું હતું.

વ્લાદિમીર પુતિનઃ રશિયાના પ્રમુખ પુતિને જણાવ્યું હતું કે, રશિયા, ચીન અને અમેરિકા રચનાત્મક સહયોગ દ્વારા વૈશ્વિક સ્થિરતાને મજબૂત કરી શકે છે. તેમણે શાંતિ અને સુરક્ષા જાળવવાની સંયુક્ત જવાબદારી પર ભાર મૂકતાં ઊર્જા સુરક્ષા સહિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરવાની વાત કરી હતી.

ત્રિપક્ષીય બેઠક પહેલાં ટ્રમ્પે શી જિનપિંગ સાથે લગભગ એક કલાક દ્વિપક્ષીય બેઠક યોજી હતી, જે આ વર્ષે તેમની ત્રીજી મહત્ત્વપૂર્ણ મુલાકાત હતી. તેમાં ઈરાન યુદ્ધ દરમિયાન હુમલાઓનું કેન્દ્ર બનેલી હોર્મુઝની ખાડીમાંથી તેલના સતત શિપમેન્ટને સુનિશ્ચિત કરવા તેમજ ચીન દ્વારા અમેરિકન કૃષિ ઉત્પાદનોની ખરીદી વધારવાના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. બીજી તરફ, એપેક સમિટ દરમિયાન ટ્રમ્પે પુતિન સાથે પણ ૪૦ મિનિટની અલગ બેઠક યોજી હતી;

ગયા વર્ષે અલાસ્કામાં રશિયાના યુક્રેન યુદ્ધને હળવું કરવા માટે કોઈ સમજૂતી થઈ શકી નહોતી, ત્યારબાદ બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ વાતચીત થઈ હતી.

ભારતીય પ્રવાસીઓને ઝટકો : ૧ જાન્યુઆરી ૨૦૨૭થી મલેશિયામાં વિઝા-ફ્રી એન્ટ્રી બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)

કુઆલાલંપુર, તા. ૧૯

મલેશિયાએ ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી ભારતીય પાસપોર્ટ ધારકો માટે તેની વિઝા-ફ્રી એન્ટ્રી સુવિધા બંધ કરવાનો નિર્ણય લીધો છે.


મલેશિયાના ઈમિગ્રેશન વિભાગે ૧૭ નવેમ્બરના રોજ જારી કરેલી સત્તાવાર નોટિસમાં આ પુષ્ટિ કરી છે કે ભારતીય નાગરિકો માટેની વર્તમાન વિઝા મુક્તિ વર્ષ ૨૦૨૬ના અંતમાં સમાપ્ત થશે. આ નિર્ણય બાદ ૧ જાન્યુઆરી ૨૦૨૭ કે ત્યારબાદ મલેશિયાની મુલાકાત લેવા ઈચ્છતા તમામ ભારતીય પ્રવાસીઓએ પ્રવેશ અગાઉ માન્ય વિઝા મેળવવા ફરજિયાત રહેશે. નવા નિયમો અમલમાં આવે તેના એક મહિના પહેલાં એટલે કે ૧ ડિસેમ્બર, ૨૦૨૬થી મલેશિયન સત્તાધીશો ભારતીય નાગરિકોને MyVISA ઓનલાઈન પોર્ટલ મારફતે વિઝા અરજી સબમિટ કરવાની મંજૂરી આપશે.

કોવિડ-૧૯ મહામારી બાદ પર્યટનને વેગ આપવા માટે મલેશિયાએ ડિસેમ્બર ૨૦૨૩માં ભારતીય નાગરિકો માટે વિઝા-ફ્રી એન્ટ્રી શરૂ કરી હતી, જેનાથી ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં મોટો વધારો થયો હતો. જોકે, સપ્ટેમ્બર ૨૦૨૬માં કુઆલાલંપુર સ્થિત ભારતીય હાઈ કમિશને આ સુવિધાના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. હાઈ કમિશને ચેતવણી આપી હતી કે મોટી સંખ્યામાં ભારતીયો નોકરી શોધવા માટે ટુરિસ્ટ વિઝા પર મલેશિયા આવી રહ્યા છે અને કેટલાક પ્રવાસીઓને નકલી નોકરીઓની ઓફર કરતા એજન્ટો ગેરમાર્ગે દોરી રહ્યા છે, જેનાથી ઓવરસ્ટેઈંગ, શોષણ, અટકાયત અને કાયદાકીય કાર્યવાહીનું જોખમ ઊભું થાય છે.

મૂવી ટ્યુબ

આમિરની લલકારમાં ત્રણ નવા કલાકારોની એન્ટ્રી

વિકાંત મેસ્સી, જિતેન્દ્ર કુમાર અને ધૈર્ય કારવા લલકારમાં જોડાયા



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

આમિર ખાનની 'લલકાર' ફિલ્મમાં વિક્રાન્ત મેસ્સી, જિતેન્દ્ર કુમાર અને ધૈર્ય કારવાની પણ એન્ટ્રી થઈ છે. આ ફિલ્મમાં આમિર ખાન ક્રિકેટર લાલા અમરનાથનું પાત્ર ભજવવાનો છે. ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૭થી શરૂ કરી દેવામાં આવશે.

છેલ્લા થોડા મહિનામાં ફિલ્મમાં ઘણા કળાકારોની આવનજાવન જોવા મળી છે. અગાઉ ફરહાન અખ્તર, સિદ્ધાંત ગુપ્તા અને ગેનિશ પંડોર તારીખોની પળોજણને કારણે આ ફિલ્મ છોડી ચૂક્યા છે. હવે નવા ત્રણ કળાકારો નક્કી થતાં ફિલ્મનું પ્રોડકશન શરૂ થવાની સંભાવના છે. ફરહાન અખ્તર અને રાજકુમાર હિરાણી આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. લલકાર ફિલ્મ દેશના વિભાજન બાદ ૧૯૫૨માં રમાયેલી પ્રથમ ભારત પાકિસ્તાન ટેસ્ટ સિરિઝ પર આધારીત છે. 'દંગલ' ફેમ પિયુષ ગુપ્તા અને 'નીલ બટ્ટે સન્નાટા' ફેમ નીરજ સિંહ દ્વારા આ ફિલ્મની કથા લખવામાં આવી છે.

૧૦ વર્ષ જૂના વિવાદ પર સોનાનો ખુલાસા

સલમાન ખાન સામે અવાજ ઉઠાવતાં સોનાને મળી હતી દુષ્કર્મની ધમકીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ગાયિકા સોના મોહાપાત્રા ફરી એકવાર સલમાન ખાન સાથેના જૂના વિવાદને લઈને ચર્ચામાં આવી છે. સલમાનની ફિલ્મ 'માતૃભૂમિ'ના ગીત 'તેરી બ્યુટી' પર ટિપ્પણી કરતાં સોનાએ ૧૦ વર્ષ પહેલાં અભિનેતા સામે અવાજ ઉઠાવ્યા બાદ તેને કેવા પ્રકારની ટીકાઓ, ટ્રોલિંગ અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો તે યાદ કર્યું છે.

સોના મોહાપાત્રાએ તાજેતરમાં ફિલ્મ 'માતૃભૂમિ'ના ગીત 'તેરી બ્યુટી' અંગે સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે વ્યંગાત્મક અંદાજમાં સવાલ ઉઠાવ્યો હતો કે સૈનિકોના બલિદાન પર આધારિત ફિલ્મમાં આવું ગીત કેવી રીતે સામેલ થઈ શકે? તેણે બોલિવૂડની ગીતોની પસંદગી અને લખાણ પર પણ કટાક્ષ કર્યો હતો.

ગાયિકાએ પોતાની પોસ્ટમાં જણાવ્યું કે, સંગીત ક્ષેત્રે તેને ૨૦ વર્ષ થઈ ગયા છે, જ્યારે સલમાન ખાન સામે અવાજ ઉઠાવ્યાને ૧૦ વર્ષ વીતી ગયા છે. તેણે એવા લોકોને પણ જવાબ આપ્યો, જેઓ અગાઉ તેના કરિયર વિશે ચિંતા વ્યક્ત કરતા હતા. સોનાએ કહ્યું કે, તેનું કરિયર સમાપ્ત થઈ ગયું હોવાનું માનનારા લોકોએ હવે ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે તે આજે પણ સારું જીવન જીવી રહી છે.

સોનાએ જૂના વિવાદને યાદ કરતાં જણાવ્યું કે, લગભગ ૧૦ વર્ષ પહેલાં સલમાન ખાનના એક નિવેદન સામે વિરોધ નોંધાવ્યા બાદ તેને દુષ્કર્મની ધમકીઓ મળવા લાગી હતી. એટલું જ નહીં, તેની સાથે છેડછાડ કરેલી તસવીરો ફેલાવવામાં આવી હતી અને સતત ઓનલાઈન ટ્રોલિંગ કરવામાં આવી હતી. આ ઘટનામાં તેના પરિવારજનો અને માતાને પણ અભદ્ર ભાષાનો સામનો કરવો પડ્યો હતો.

સોનાએ વધુમાં જણાવ્યું કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કેટલાક લોકોએ તેને સલમાન ખાન સાથે વિવાદમાં ન પડવાની સલાહ આપી હતી. તેઓ સોનાની પ્રતિભાની પ્રશંસા કરતા હતા, પરંતુ સલમાન સાથે ટકરાવ તેના માટે નુકસાનકારક બની શકે છે એવું કહેતા હતા. જોકે, સોનાએ સ્પષ્ટ કર્યું કે, તે પોતાની મહેનત અને પ્રતિભાના આધારે અહીં સુધી પહોંચી છે. સફળ લોકોની આસપાસ રહીને સફળ થવું એ તેની નજરે સાચી સફળતા નથી.

જાવેદ અખ્તરના નિવેદનથી રાજકીય વિવાદ

દરેક ભારતીયના લોહીમાં રામ છે, જાવેદ અખ્તરના નિવેદનથી વિવાદ

મૌલાના સાજિદ રશીદીએ નોંધાવ્યો વિરોધ, ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ જાવેદ અખ્તરની વાતનું સમર્થન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પ્રખ્યાત ગીતકાર અને લેખક જાવેદ અખ્તરના એક નિવેદનને લઈને રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. તેમણે કહ્યું હતું કે, ભગવાન રામ માત્ર એક ધાર્મિક વ્યક્તિ નથી, પરંતુ તેઓ જીવન જીવવાની રીત, નૈતિકતા અને ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે. જાવેદ અખ્તરના આ નિવેદનને કેટલાક રાજકીય નેતાઓએ આવકાર્યું છે, જ્યારે મૌલાના સાજિદ રશીદીએ તેનો વિરોધ કર્યો છે. આ મુદ્દે ભાજપ, કોંગ્રેસ, શિવસેના (UBT) અને સમાજવાદી પાર્ટીના નેતાઓએ પણ પોતાની પ્રતિક્રિયાઓ આપી છે.

જાવેદ અખ્તરે મંગળવારે મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે, રામ માત્ર એક વ્યક્તિ નથી, પરંતુ એક નૈતિકતા અને જીવન જીવવાની પદ્ધતિ છે. તેમણે રામને વિશિષ્ટ સૌંદર્યબોધ અને નૈતિક મૂલ્યો સાથે જોડ્યા હતા. તેમણે વધુમાં કહ્યું હતું કે, "દરેક ભારતીયના લોહીમાં રામ છે, પછી ભલે તે કોઈપણ ધર્મનો હોય." તેમના મતે રામ ભારતીય જીવનશૈલી અને સંસ્કૃતિનો મહત્વપૂર્ણ ભાગ છે. જોકે, તેમણે સ્વીકાર્યું હતું કે તેમના આ નિવેદનથી કેટલાક લોકો નારાજ પણ થઈ શકે છે.

જાવેદ અખ્તરના નિવેદન પર વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના પ્રમુખ આલોક કુમારે સહમતી દર્શાવી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ જાવેદ અખ્તરની વાત સાથે સંમત છે. તેમના મતે દરેક ભારતીયની નસોમાં ભગવાન રામ અને શ્રીકૃષ્ણની સ્મૃતિ અને સંસ્કૃતિ વસેલી છે.

જાવેદ અખ્તરના નિવેદન સામે મૌલાના સાજિદ રશીદીએ વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કહ્યું કે, જાવેદ અખ્તર પોતાને નાસ્તિક ગણાવે છે અને અગાઉ પણ જાહેરમાં ભગવાન કે અલ્લાહમાં માનતા ન હોવાનું કહી ચૂક્યા છે.

મૌલાનાએ તેમના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું કે, જાવેદ અખ્તર રામની પ્રશંસા કરીને હિન્દુઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, તેમના પોતાના લોહીમાં ભગવાન રામ નહીં, પરંતુ હઝરત આદમનું લોહી છે, જેમને તેઓ પોતાના પૂર્વજ અને પ્રથમ માનવ માને છે. બીજી તરફ, મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ જાવેદ અખ્તરના નિવેદનને ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આ જાવેદ અખ્તરનો પોતાનો વિચાર છે અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી તેમાં સુંદરતા છે.

ભાજપના નેતા પ્રમોદ કૃષ્ણમે જાવેદ અખ્તરના નિવેદનનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે, જાવેદ અખ્તર ઉદાર વિચારધારા ધરાવતા વ્યક્તિ છે અને સત્ય બોલવા માટે જાણીતા છે. તેમણે રામનું શરણ લીધું છે અને તેમના શબ્દોનું સમર્થન કરવું જોઈએ. આ સાથે તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે, જાવેદ અખ્તરે આ વાત રાહુલ ગાંધીને પણ સમજાવવી જોઈએ. ભાજપના નેતા રામ કદમે પણ નિવેદનનું સમર્થન કર્યું હતું. તેમણે કહ્યું કે, જાવેદ અખ્તરે ભગવાન શ્રીરામ વિશેનું એક મહત્વપૂર્ણ સત્ય સ્વીકાર્યું છે. તેમના મતે જે લોકોના મનમાં રાવણ વસેલો છે તેઓ રામને સમજી શકતા નથી. મનમાંથી રાવણને દૂર કરવામાં આવે તો ભગવાન રામ દરેકના હૃદયમાં સ્થાન મેળવી શકે છે.

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટનો એપિસોડ રિલીઝ ન થતાં સુભાષ અહિરવાર ભાવુક

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ક્યારેક-ક્યારેક જીવનમાં એક તક મેળવવા માટે માણસ વર્ષો સુધી મહેનત કરે છે. તેને લાગે છે કે કદાચ હવે તેની મહેનત રંગ લાવશે અને દુનિયા તેને ઓળખશે. પરંતુ જ્યારે એ જ તક હાથમાંથી સરકી રહી હોય તેવું લાગે ત્યારે પીડા થવી સ્વાભાવિક છે. આવું જ કંઈક 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં ભાગ લેવાનો દાવો કરનારા સુભાષ અહિરવાર સાથે થયું છે. તેમણે સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો શેર કર્યો છે. તેમાં તે રડતા-રડતા પોતાના જીવનના સંઘર્ષ વિશે જણાવતા જોવા મળી રહ્યા છે. તેમનો દાવો છે કે તેઓ શોના એક એપિસોડના વિજેતા બન્યા હતા, પરંતુ તે એપિસોડ આજ સુધી રિલીઝ થયો નથી. હવે તેમણે સમય રૈનાને તેને જારી કરવાની અપીલ કરી છે.

સુભાષ અહિરવારે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમણે દાવો કર્યો છે કે તેઓ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની બીજી સીઝનમાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે જજ પાસેથી પૂરા ૧૦માંથી ૧૦ ગુણ મેળવ્યા અને એપિસોડના વિજેતા જાહેર થયા. તેમણે વીડિયોમાં પોતાની સ્કોરશીટ પણ બતાવી. સુભાષનું કહેવું છે કે જીત્યા બાદ તેમને એક લાખ રૂપિયા, ફોન અને ખાવાના કૂપન જેવા ઈનામો પણ મળ્યા હતા. પરંતુ તેમનો એપિસોડ રિલીઝ જ કરવામાં આવ્યો નથી.

વીડિયોમાં તેઓ કહે છે કે, ઈનામનો તેમના માટે કોઈ ખાસ અર્થ નથી. તેઓ માત્ર એટલું ઈચ્છતા હતા કે લોકો સુધી તેમનું કામ પહોંચે અને તેમને ઓળખ મળે. સુભાષે વીડિયોમાં પોતાના જીવનના એ દિવસોને પણ યાદ કર્યા, જ્યારે તેમની પાસે ગુજરાન ચલાવવા જેટલા પણ પૈસા નહોતા. તેમણે જણાવ્યું કે, માત્ર ૬-૭ વર્ષની ઉંમરે તેમને ભીખ માંગવી પડતી હતી. ૯ વર્ષની ઉંમરે તેમણે એક ઢાબા પર વાસણ ધોવાનું કામ શરૂ કર્યું. ૧૨ વર્ષની ઉંમરે શાકભાજી વેચી અને ૧૫ વર્ષની ઉંમરે મજૂરી કરવા લાગ્યા. સુભાષના જણાવ્યા મુજબ, તેમણે પાંચ વર્ષ સુધી સિક્યોરિટી ગાર્ડની નોકરી પણ કરી. ત્યારબાદ તેઓ ફરી ઢાબા પર કામ કરવા લાગ્યા. પરંતુ આ બધા વચ્ચે તેમણે પોતાનું સપનું છોડ્યું નહીં. તેઓ લગભગ સાત વર્ષ સુધી થિયેટર સાથે જોડાયેલા રહ્યા. ગ્રેજ્યુએશન બાદ પણ આર્થિક સંકડામણને કારણે તેમને વોશરૂમ ક્લીનર સુધીનું કામ કરવું પડ્યું. તેમણે જણાવ્યું કે, સંગીત દ્વારા પણ પોતાની કારકિર્દી બનાવવાનો પ્રયાસ કર્યો. ઘણીવાર પૈસા માટે ભીખ માંગવી પડી. ત્યાં સુધી કે તેમણે પોતાનું લોહી વેચવાનો પણ દાવો કર્યો. સુભાષ માટે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં પહોંચવું એ વર્ષોની મહેનતનું પરિણામ હતું.

રાજ્યભરમાં હોટલ-રેસ્ટોરન્ટનું સઘન ચેકિંગ

ગુજરાતમાં ખાણીપીણીના એકમો સામે સરકારની લાલ આંખ





આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશ બાદ 'ઓપરેશન હેલ્થ' શરૂ, હોટલ-રેસ્ટોરન્ટના રસોડામાં ગંદકી અને શંકાસ્પદ ખાદ્ય પદાર્થો સામે તંત્રની તવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૧૯

રાજ્યમાં હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાઓમાં પીરસવામાં આવતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સામે સવાલો ઊભા થતાં આરોગ્ય વિભાગ એક્શનમાં આવ્યું છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાણીપીણીના એકમો સામે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશ બાદ ૧૯ નવેમ્બરથી સમગ્ર ગુજરાતમાં 'ઓપરેશન હેલ્થ' અંતર્ગત ફૂડ સેફ્ટી મેગા ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. વડોદરા, ગાંધીનગર અને આણંદ સહિતના શહેરોમાં આરોગ્ય વિભાગની ટીમોએ હોટલ-રેસ્ટોરન્ટમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જેમાં એક્સપાયરી ડેટવાળી વસ્તુઓ અને અસ્વચ્છતા સામે આવી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર આવેલી હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાઓનું સઘન નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી માટે મહાનગરપાલિકાઓ અને જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરોને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત FoSCoS પોર્ટલના માધ્યમથી ફૂડ એકમોનું ઓનલાઈન ઈન્સ્પેક્શન પણ કરવામાં આવ

વડોદરામાં VMCની આરોગ્ય ટીમે ગોલ્ડન ચોકડીથી ધુમાડ ચોકડી સુધીની હોટલો અને રેસ્ટોરન્ટમાં તપાસ કરી હતી. આ દરમિયાન ઓમ ખેતેશ્વર રેસ્ટોરન્ટમાંથી એક્સપાયરી ડેટવાળી વસ્તુઓ મળી આવી હતી. જેને પગલે સંચાલકને નોટિસ ફટકારવામાં આવી હતી.

આ ઉપરાંત રેસ્ટોરન્ટમાં સાફ-સફાઈનો અભાવ અને અસ્વચ્છ પરિસ્થિતિ જોવા મળતાં શિડ્યુલ-૪ હેઠળ નોટિસ આપી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

ગાંધીનગર-વિસનગર હાઈવે પર રાંધેજા ચોકડી પાસે આવેલી હોટલમાં ફૂડ વિભાગે તપાસ હાથ ધરી હતી. જેમાં ફૂડ લાયસન્સ, રસોડાની સ્વચ્છતા અને રસોઈમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓની ચકાસણી કરવામાં આવી હતી. બીજી તરફ આણંદમાં ફૂડ ઈન્સ્પેક્ટરે ઓચિંતી તપાસ દરમિયાન ગેલોપ્સ રેસ્ટોરન્ટના રસોડામાંથી શંકાસ્પદ પનીર, સબ્જી અને ગ્રેવીના સેમ્પલ લીધા હતા. એક્સપાયરી તારીખવાળા મસાલાના પેકેટનો પણ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સત્યનારાયણ હોટલ અને નાસ્તાના સ્ટોલમાં પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. લેવામાં આવેલા ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ઓપરેશન હેલ્થ અંતર્ગત હોટલ અને રેસ્ટોરન્ટના રસોઈયા તથા કર્મચારીઓ માટે કેપ, એપ્રોન અને હેન્ડ ગ્લોવ્ઝ પહેરવા ફરજિયાત કરવામાં આવ્યા છે. શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના સ્થળ પર જ સેમ્પલ લેવામાં આવશે. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા સ્થળ પર જ ટેસ્ટિંગની વ્યવસ્થા પણ કરવામાં આવશે. નિયમોનો ભંગ કરનારા એકમોને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવશે. ગંભીર ગેરરીતિ જણાય તો લાયસન્સ સસ્પેન્ડ કરવા અથવા કાયમી ધોરણે રદ કરવા સુધીની કાર્યવાહી થઈ શકે છે.

રાજ્ય સરકારની આ મેગા ડ્રાઈવથી હોટલ-રેસ્ટોરન્ટ સંચાલકોમાં ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન કરવાની જવાબદારી વધી છે. જોકે, આ અભિયાનની ખરી સફળતા માત્ર તપાસ અને નોટિસ પૂરતી મર્યાદિત ન રહેતાં લોકો સુધી સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ભોજન પહોંચે તેમાં રહેલી છે. હવે લેબોરેટરીના રિપોર્ટ બાદ તંત્ર શું કાર્યવાહી કરે છે અને રાજ્યભરમાં આ તપાસ કેટલી અસરકારક બને છે તેના પર સૌની નજર રહેશે.

ખેડામાં ONGCના કૂવામાંથી ક્રૂડ ઓઈલ ચોરીનો પર્દાફાશ



(સંપૂર્ણ સમાચાર સેવા)

ખેડા,તા.૧૯

ખેડા જિલ્લાના સારસા ખાતે આવેલા ONGCના ઓઈલ કૂવામાંથી ક્રૂડ ઓઈલની કથિત ચોરી કરી તેને અમદાવાદમાં વેચાણ માટે લાવવામાં આવતું હોવાનો ગુજરાત ATSએ પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે ATSની ટીમે વટવા-વિંઝોલ રિંગ રોડ પર આવેલા એક પાર્કિંગમાં દરોડો પાડી અંદાજે ૮,૦૦૦ લિટર ક્રૂડ ઓઈલ સહિત છ શખ્સોને ઝડપી પાડ્યા હોવાનું સામે આવ્યું છે. ATSને માહિતી મળી હતી કે દાણીલીમડા વિસ્તારના ગફ્ફાર રંગરેજ, મોહસીન રંગરેજ સહિતના શખ્સો તથા ONGCમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતો નસીરુદ્દીન મલેક ઉર્ફે વિકી કથિત રીતે ONGCની પાઈપલાઈનમાંથી ક્રૂડ ઓઈલ મેળવી અમદાવાદ લાવી રહ્યા છે. આ ઓઈલ વટવા-વિંઝોલ રિંગ રોડ પર આવેલા પાર્કિંગમાં ખાલી કરવામાં આવી રહ્યું હોવાની માહિતીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન ONGC લખેલા ટેંકરમાંથી પાઈપ મારફતે ક્રૂડ ઓઈલ ટ્રકમાં રાખવામાં આવેલા ટાંકામાં ખાલી કરવામાં આવી રહ્યું હોવાનું ATSને જોવા મળ્યું હતું. કાર્યવાહી દરમિયાન કુલ છ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા અને ક્રૂડ ઓઈલનો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ ખેડા જિલ્લાના સારસા ખાતે આવેલા ONGCના ઓઈલ કૂવા નંબર-૨૬ પરથી કેશીંગ વાલ્વ મારફતે ફાઈટર પંપ લગાવીને ક્રૂડ ઓઈલ કાઢ્યું હોવાની માહિતી સામે આવી હોવાનું જણાવાયું છે. ત્યારબાદ આ જથ્થો અમદાવાદ લાવી વેચાણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની આશંકા છે.

ATSએ ગફ્ફાર રંગરેજ (૬૧), મોહસીન રંગરેજ (૩૫), મોહમદ જાવેદ રંગરેજ (૪૪), નસીરુદ્દીન ઉર્ફે વિકી તાજુદ્દીન મલેક (૪૨), ભીખા ચૌહાણ (૪૬) અને રાયસંગ ઠાકોર (૪૦)ને ઝડપી લીધા છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી કથિત ચોરીના નેટવર્કમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

ઉબેર ગામ પાસે વહેલી સવારે કેનાલની પાળ તૂટી

ભરૂચના જંબુસરમાં નર્મદા કેનાલમાં ગાબડું પડતાં ૬૦ એકર ખેતરોમાં પાણી ફરી વળ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભરૂચ, તા.૧૯

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સિંચાઈ વિભાગની કામગીરી સામે સવાલો ઊભા કરતી ઘટના સામે આવી છે. ઉબેર ગામ નજીક નર્મદા કેનાલમાં વહેલી સવારે ગાબડું પડતાં કેનાલનું પાણી આસપાસનાં ખેતરોમાં ફરી વળ્યું હતું. પરિણામે અંદાજે ૫૦થી ૬૦ એકર જેટલી ખેતીની જમીન પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ખેતરોમાં પાણી ભરાઈ જતાં ડાંગર, કપાસ અને તુવેરના ઉભા પાકને મોટું નુકસાન થવાની ભીતિથી ખેડૂતો ચિંતિત બન્યા છે.

મળતી માહિતી મુજબ, ઉબેર ગામ પાસે આવેલી કેનાલની સાંકળ નંબર ૮૫ નજીક રાત્રિના અંતિમ પહોરમાં અંદાજે ૩થી ૪ વાગ્યાની આસપાસ ગાબડું પડ્યું હતું. કેનાલનું પાણી પૂરજોશમાં આસપાસનાં ખેતરોમાં પ્રવેશવા લાગ્યું હતું. રાત્રિના સમયે ઘટના બનતાં શરૂઆતમાં કોઈને જાણ થઈ નહોતી, પરંતુ સવાર સુધીમાં મોટી માત્રામાં પાણી ખેતરોમાં ફરી વળ્યું હતું. ખાસ કરીને ડાંગરના ખેતરોમાં પાણી ભરાઈ જતાં પાકને નુકસાન થવાની શક્યતા છે. જ્યારે કપાસ અને તુવેરના ઉભા પાક પણ પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. કેનાલમાં ગાબડું પડવાની ઘટના બાદ સ્થાનિક ખેડૂતોમાં સિંચાઈ વિભાગ સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. ગામના સરપંચે આક્ષેપ કર્યો છે કે કેનાલની યોગ્ય સફાઈ અને જાળવણી માટે અગાઉ અનેક વખત સંબંધિત વિભાગને રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી નહોતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, જો સમયસર કેનાલની સફાઈ અને સમારકામ કરવામાં આવ્યું હોત તો આવી સ્થિતિ ઊભી થતી અટકાવી શકાઈ હોત. જોકે, ગાબડું પડવાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

ખેતરોમાં પાણી ભરાઈ જતાં ખેડૂતો સામે ઉભા પાકને બચાવવાનો પડકાર ઊભો થયો છે. ખેડૂતો દ્વારા તાત્કાલિક ધોરણે ખેતરોમાંથી પાણીનો નિકાલ કરવાની વ્યવસ્થા કરવા માગ કરવામાં આવી છે. સાથે જ અસરગ્રસ્ત ખેતરોનો સર્વે કરીને પાક નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે અને ખેડૂતોને સરકાર તરફથી વળતર ચૂકવવામાં આવે તેવી માગ ઉઠી છે.

આ ઘટનાએ સિંચાઈ વિભાગની કામગીરી અને કેનાલની જાળવણી સામે અનેક સવાલો ઊભા કર્યા છે. કેનાલમાં ગાબડું પડવાનું કારણ શું હતું? અગાઉની રજૂઆતો છતાં સમારકામ કેમ કરવામાં આવ્યું નહીં? પાણીનો પ્રવાહ રોકવા માટે તંત્ર દ્વારા કેટલા સમયમાં કાર્યવાહી કરવામાં આવી? અને ખેડૂતોને થયેલા નુકસાનની ભરપાઈ કોણ કરશે? તેવા સવાલો હાલ સ્થાનિક ખેડૂતોમાં ચર્ચાઈ રહ્યા છે. હવે ખેડૂતોની નજર તંત્રની કાર્યવાહી પર છે. કેનાલનું સમારકામ ઝડપથી કરવામાં આવે અને નુકસાનગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર મળે તેવી માગ ઉઠી રહી છે.

૧૪ આરોપીઓની ધરપકડ, એક આરોપી જેલમાં

રાજકોટની કુખ્યાત હાંડા ગેંગ સામે ગુજસીટોક હેઠળ તવાઈ

હત્યા, લૂંટ, NDPS અને આર્મ્સ એક્ટ સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવણીનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટની કુખ્યાત હાંડા ગેંગ સામે શહેર ક્રાઈમ બ્રાન્ચે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (ગુજસીટોક) કાયદા હેઠળ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ભવદિપ ઉર્ફે યશ ઉર્ફે હાંડો ડાભી સહિત ગેંગના કુલ ૧૫ સભ્યો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગેંગના સભ્યો સામે છેલ્લા ૧૦ વર્ષમાં હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ, મારામારી, રાયોટિંગ, NDPS અને આર્મ્સ એક્ટ સહિતના કુલ ૫૦ ગુનાઓ નોંધાયેલા છે.

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે ગુજસીટોક હેઠળ નોંધાયેલા ગુનામાં અત્યાર સુધી ૧૪ આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે અન્ય એક આરોપી અગાઉથી જેલમાં બંધ હોવાથી તેનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કેસની વધુ તપાસ એસીપી પશ્ચિમને સોંપવામાં આવી છે.

રાજકોટ શહેર ક્રાઈમ ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હાંડા ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ગેંગના સભ્યો સામે વર્ષોથી વિવિધ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. પોલીસના જણાવ્યા મુજબ, ભવદિપ ડાભી સામે ૮, રોહિત ડાભી સામે ૯, ધર્મેશ ડાભી સામે ૫, ઋષિક ડાભી સામે ૪, સુધા ધામેલીયા સામે ૫ અને મયુર ધામેલીયા સામે ૫ ગુનાઓ નોંધાયેલા છે.

આ ઉપરાંત વિશાલ ગોહિલ સામે ૩, શક્તિ રાઠોડ સામે ૪, વિપુલ બગથરીયા સામે ૧૨, રાજ કાપડી સામે ૪, હિતેશ ધામેલીયા સામે ૭, વિનય ઉકેડીયા સામે ૬, સચિન વોરા સામે ૩, આકાશ વારગીયા સામે ૩ અને મિત ખગ્રામ સામે ૫ ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું છે. ગુજસીટોક હેઠળની કાર્યવાહી બાદ હવે પોલીસ ગેંગના સભ્યોએ ગુનાહિત પ્રવૃત્તિઓ મારફતે મિલકતો વસાવી છે કે કેમ તેની તપાસ કરશે. ગેરકાયદેસર રીતે મેળવેલી સંપત્તિ ટાંચમાં લેવા તેમજ અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવાની દિશામાં પણ તપાસ આગળ વધારવામાં આવશે.

રાજકોટ શહેરમાં અત્યાર સુધી ગુજસીટોક કાયદા હેઠળ કુલ ૧૨ ગુનાઓ નોંધાયા છે. તેમાંથી ૧૦ ગુનાઓ છેલ્લા એક વર્ષ દરમિયાન નોંધાયા છે. આ સમયગાળામાં ક્રાઈમ બ્રાન્ચે ૧૦ ગેંગ સામે કાર્યવાહી કરીને કુલ ૧૨૮ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત વધુ બે ગેંગ સામે પણ ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવાની તૈયારી ચાલી રહી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

સરકારી જમીન પર દબાણ મામલે લાખણકા ગામના ઉપસરપંચ દાનાભાઈ રાઠોડ બરતરફ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભાવનગર, તા.૧૯

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના લાખણકા ગામમાં સરકારી જમીન પર દબાણના મામલે વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ કરીને દબાણ કરવાના મામલે લાખણકા ગામના ઉપસરપંચ દાનાભાઈ રાઠોડને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ નિર્ણય લેવામાં આવતા સ્થાનિક સ્તરે ચર્ચા શરૂ થઈ છે. મળતી માહિતી મુજબ લાખણકા ગામના ઉપસરપંચ દાનાભાઈ રાઠોડ સામે સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ કરીને દબાણ કર્યું હોવાનો મામલો સામે આવ્યો હતો. આ અંગે વહીવટી તંત્ર દ્વારા તપાસ અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સરકારી જમીન પર દબાણના આક્ષેપને ગંભીરતાથી લઈ સંબંધિત અધિકારીઓ દ્વારા સમગ્ર મામલો આગળ ધપાવવામાં આવ્યો હતો. સમગ્ર મામલે જિલ્લા વિકાસ અધિકારીએ દાનાભાઈ રાઠોડને ઉપસરપંચના હોદ્દા પરથી દૂર કરવાનો નિર્ણય કર્યો છે. ચૂંટાયેલા સ્થાનિક પદાધિકારી સામે સરકારી જમીનના દબાણના મામલે કાર્યવાહી થતાં આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. દાનાભાઈ રાઠોડ સામે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૫૩(૧) હેઠળ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. આ જોગવાઈ હેઠળ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ઉપસરપંચને તેમના પદ પરથી દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરિણામે લાખણકા ગ્રામ પંચાયતના ઉપસરપંચ તરીકે દાનાભાઈ રાઠોડનું પદ સમાપ્ત થયું છે.

સરકારી જમીન પર દબાણના મામલે સ્થાનિક પદાધિકારી સામે થયેલી કાર્યવાહીથી ગામમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીનના રક્ષણ અને દબાણ સામે કાર્યવાહીનો સંદેશ આપતો આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

(છેલ્લા પાનાનું ચાલુ) નવસારીના નવાગામ ખાતે...

આ પ્રસંગે ડૉ.અંકુરભાઈ પરમારે ચીકુના પાકની ખેતી, પાકની સંભાળ અને ઉત્પાદન વધારવા અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ડૉ.વિનયભાઈએ કિચન ગાર્ડનના મહત્વ અંગે સમજાવતાં ઘરઆંગણે ઓછી જગ્યામાં આખું વર્ષ વિવિધ શાકભાજીનું ઉત્પાદન કેવી રીતે કરી શકાય તે અંગે ઉપસ્થિત બહેનોને વ્યવહારૂ માહિતી આપી હતી.

આ તાલીમ શિબિરમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ડૉ.પરેશભાઈ પટેલ, ડૉ.અંકુરભાઈ પટેલ, ડૉ. ડી.કે. શર્મા અને ડૉ. વિનયભાઈ પરમાર તેમજ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, નવસારીના શ્રી દિનેશ પડાલીયા સહિત બાગાયત કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં નવાગામ તથા આસપાસના ગામોના મોટી સંખ્યામાં ઉત્સાહી ખેડૂતોએ ભાગ લઈ બાગાયતી પાકોની ખેતી, રોગ-જીવાત નિયંત્રણ અને ખાતર વ્યવસ્થાપન અંગે ઉપયોગી જાણકારી મેળવી હતી, તેમ નાયબ બાગાયત નિયામક, નવસારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

(છેલ્લા પાનાનું ચાલુ) વાપી ખાતે ભારતીય જનતા પાર્ટી...

નરેન્દ્રભાઈ મોદીના વિકાસલક્ષી કાર્યો, લોકહિતની યોજનાઓ અને 'વિકસિત ભારત'ના સંકલ્પ પર સંપૂર્ણ વિશ્વાસ છે, જેના પરિણામે જનતા તેમને પૂર્ણ બહુમત આપી રહી છે, ગુજરાત સરકારના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા હાલ એસ.આઈ.આર. (SIR) ના નામે લોકોને ભ્રમિત કરીને દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકાર અને રાજ્યોમાં ભાજપના શાસન પર દેશની જનતાનો પૂર્ણ વિશ્વાસ અકબંધ છે, અન્ન અને નાગરિક પુરવઠાના કેબિનેટ મંત્રી મંત્રી શ્રી રમણભાઈ સોલંકી તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ સહિતની ઈન્ડીગઠબંધન ને લોકો જાકારો આપી રહ્યા છે, એમની પાસે કોઈ નક્કર મુદ્દાઓ બાકી રહ્યા નથી અને લોકોને ભ્રમિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા છે

આ તબક્કે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી નિખિલભાઈ ચોકસી, શ્રી વિપુલભાઈ ભોયા, પ્રદેશ કારોબારી સભ્ય અને ડાંગના પ્રભારી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર, કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી, વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, વાપી મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ, વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો, વિવિધ મોરચાના હોદ્દેદારો, કાર્યકર્તાઓ સહિત લોકો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા.

CHANGE OF NAME

OLD NAME - ASHWINKUMAR TRIPATHI
NEW NAME - ASHWANI KUMAR RAM TRIPATHI
ADD:- C/O, 15/36/C/F-3, TIRUPATI APARTMENT B/107, NANI DAMAN, KHARIWAD, DAMAN - 396210

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM RASHMIBEN SANJAYKUMAR BHANDARI / RASHMIBEN SANJAYBHAI BHANDARI / RASHMI BHANDARI TO **RASHMI SANJAYBHAI BHANDARI** AS PER DOCUMENT
ADDRESS : CHOKIPADA, KHARADPADA-396235

CHANGE OF NAME

OLD NAME APARNA YASHWANT BHOYE
NEW NAME: APARNA NATU BHOYA
ADDRESS: KARBHARIPADA, BILDHRI, DUDHANI DADRA NAGAR HAVELI.

UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu

Health Department, Diu
Walk in interview for following post:

Under NHM Scheme= Gynacologist-1, Dermatologist-1, Orthopedic-1, Physician-1, Surgeon -1, Psychiatrist -1,

For details, please scan diu.gov.in 02875-252480

Notice No. :(i) A-12034/1/2018-CHCGHODIU//493
Notice Date :14/11/2026
Date of Interview :application invited & communicate later
Venue : Collectorate, Sewa Bhavan, Diu, or NAMO Hospital, Daman.

Health Officer, Ghoghla, Diu
No. IP/DMN/2/5/2026-27/ 651 dtd:18/11/2026

UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu

Health Department, Diu
Walk in interview for following post:

Under UT Plan= Radiologist-1, Gynacologist-2, Anesthetist -2

For details, please scan diu.gov.in 02875-252480

Notice No. :(i) A-12034/1/2018-CHCGHODIU/495
Notice Date :14/11/2026
Date of Interview :application invited & communicate later
Venue : Collectorate, Sewa Bhavan, Diu, or NAMO Hospital, Daman

Health Officer, Ghoghla, Diu
No. IP/DMN/2/5/2026-27/ 650 dtd:18/11/2026

સંઘ પ્રશાસન દાદરા નગર હવેલી અને દમણ અને દીવ

જિલ્લા પંચાયત, દમણ

ટેન્ડર આમંત્રિત કરવાની સૂચના

દમણના ગ્રામ પંચાયત વિસ્તારોમાં રખડતા કૂતરાઓના ખસીકરણ અને નસબંદી (પ્રાણી જન્મ નિયંત્રણ) માટે દરખાસ્તો મંગાવવા બાબત.

ઈ-ટેન્ડર સંખ્યા: ૨૦/૨૦૨૬-૨૭
Tender ID : - 2026_DAMAN_5072_1
F No. BDO/DMN-ABC/Rural-2026

For details, please scan https://ddtenders.gov.in

ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ: ૧૭/૧૨/૨૦૨૬
હાર્ડ કોપી જમા કરવાની છેલ્લી તારીખ: ૧૭/૧૨/૨૦૨૬
ટેક્નિકલ બોલી ખૂલવાની તારીખ: ૧૭/૧૨/૨૦૨૬

મુખ્ય કાર્યકારી અધિકારી, જિલ્લા પંચાયત, દમણ

No. IP/DMN/2/5/2026/27/653 dtd:19/11/2026

પશ્ચિમ રેલવે

માલસામાન વ્યવસ્થાપન વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રાપ્તિ નિવિદા સુચના સંખ્યા એસ/૬૮/૨૦૨૬ તારીખ: ૦૬.૧૧.૨૦૨૬

ક્રમ સં.	નિવિદા સં.	ટૂંકું વર્ણન	જથ્થો	ટી.ઓ.ડી.
૫૪૬	૨૨૨૬૩૩૧૬	વિવિધ પ્રકારની કીટ વસ્તુઓ	૩૩૪૫ સેટ, ૬૦ નંગ	૨૧ ડિસે. ૨૬
૫૪૭	૨૭૨૬૫૦૧૪	એન્જિન QST30-G5 NR2 1350@1800, મોડેલ નંબર: QST30-G5 NR2, બ્રાન્ડ: કમિન્સનો પુરવઠો	૧ નંગ	૧૪ ડિસે. ૨૬
૫૪૮	૨૭૨૬૫૦૧૨	વોયબેન્ડ સ્લેડ એસેમ્બલીનો પુરવઠો	૧ નંગ	૧૦ ડિસે. ૨૬
૫૪૯	૨૨૨૬૫૦૬૮	હિટાચી ટ્રેક્શન મોટર માટે ૨૩ દાંતની પિનિયન	૨૫૦ નંગ	૯ ડિસે. ૨૬
૫૫૦	૦૭૨૬૧૩૫૮A	મુખ્ય LED સિગ્નલ લાઈટિંગ યુનિટ - લાલ	૧૮૦૩ નંગ	૮ ડિસે. ૨૬
૫૫૧	૨૨૨૬૨૦૨૮	WAG 7 લોકો માટે હાઈડ્રોલિક ડેમ્પર્સનો સેટ	૮૦ સેટ	૮ ડિસે. ૨૬
૫૫૨	૦૬૨૬૫૦૩૫A	કોપર કેટેનરી વાયર ૬૫ સ્કે. મીલીમીટર	૪૫૮.૮૮ કી.મી.	૮ ડિસે. ૨૬
૫૫૩	૨૨૨૬૫૦૭૭	RDSO SMI નંબર ELRS/SMI/0234(Rev-0) મુજબ ૧૫૦૦ AMP ક્ષમતા CTF-1, CTF-2 અને CTF-3 નો સેટ. સેટમાં ૩ વસ્તુઓનો સમાવેશ થાય છે. (૧) CTF 1 અને ૨, CLW DRG No.1TWD 103-001 ALT-6 મુજબ CLW SPECN No. 4 TTS-101-005 (A)ALT-8, Qty-01 નં. ને અનુરૂપ દરેક (૨) CLW DRG No.1TWD 103-028 ALT-6 મુજબ CTF-3, CLW SPECN No. 4 TTS-101-005 (A)ALT-8, Qty-01 નં. ને પુષ્ટિ આપતા.	૧૦ સેટ	૭ ડિસે. ૨૬
૫૫૪	૧૧૨૬૫૦૧૧A	જોડાયેલ ટેકનિકલ સ્પષ્ટીકરણો અનુસાર ''રોડ મોબાઈલ રિસ્ટોરેશન વ્હીકલ (RMRV)''ની સપ્લાય, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ	૧ નંગ	૭ ડિસે. ૨૬
૫૫૫	૦૭૨૬૧૩૬૦A	મુખ્ય LED સિગ્નલ લાઈટિંગ યુનિટ - લીલી	૧૯૨૫ નંગ	૫ ડિસે. ૨૬
૫૫૬	૦૭૨૬૧૩૬૦A	NLB/HS માટે Si-Mn લાઈનર્સનો સેટ	૧૧૧૨૮ સેટ	૪ ડિસે. ૨૬
૫૫૭	૦૯૨૬૧૦૦૩	એક્સલ બોક્સ માટે લોઅર રબર વોશર	૨૦૪૪૧ નંગ	૪ ડિસે. ૨૬
૫૫૮	૨૩૨૬૫૦૦૮	૧૧ ઈંચ બ્રેક સિલીન્ડર	૧૧૨ નંગ	૪ ડિસે. ૨૬
૫૫૯	૧૧૨૫૫૦૨૭A	ઈન્વર્ટર આધારિત MIG MAG સિનર્જિક પલ્સ વેલ્ડીંગ	૧૨૫ નંગ	૪ ડિસે. ૨૬
૫૬૦	૨૨૨૬૨૪૮૭	માઉન્ટિંગ ગોઠવણી સાથે બેટરી બોક્સનો સેટ	૪૨ સેટ	૩ ડિસે. ૨૬
૫૬૧	૨૬૨૬૭૦૧૯	વિવિધ પ્રકારના PSC સ્લીપર્સના પુરવઠા માટે બે વર્ષનો ચાલી રહેલ કરાર (i) ૧૨માંથી ૧ મતદાનકર્તા માટે આઈસોલેટેડ PSC સ્લીપર (RMમાં) RDSO Drg. T-4218 (ii) ૮.૫માં ૧ મતદાન માટે અલગ PSC સ્લીપર (RMમાં) RDSO ડ્રોઈંગ નં. T-૪૮૬૫ (iii) ૮.૫ માં ૧ માટે PSC સ્લીપર સેટ ડાયમંડ ક્રોસિંગથી RDSO ડ્રેજ નં. T-૬૪૮૩ Alt ૩(v) ૮.૫માં ૧ ડાયમંડ ક્રોસિંગ માટે PSC સ્લીપર સેટ RDSO ડ્રેજ નં. T-૬૪૯૪ Alt (vi) ૧૬માં ૧ માટે PSC સ્લીપર B. G. RDSO ડ્રેજ નં. T-૧૦૦૭૦ મતદાન માટે Alt. Nil	૧૫૧૧૯૯ મીટર, ૫૨ સેટ	૩ ડિસે. ૨૬

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો.



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વાપી ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા







પદયાત્રામાં ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, પ્રદેશ મહામંત્રી અને દક્ષિણના પ્રભારી પ્રશાંતભાઈ કોરાટ રહ્યા વિશેષ ઉપસ્થિત

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા. ૧૯

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની સૂચના તેમજ માર્ગદર્શન મુજબ, આજરોજ વાપી ખાતે વલસાડ જિલ્લા ભાજપ દ્વારા 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની આગેવાની હેઠળ તથા દક્ષિણ ઝોનના પ્રભારી શ્રી પ્રશાંતભાઈ કોરાટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી,આ પદયાત્રામાં પદયાત્રાના ઈન્ચાર્જ શ્રી મારુતિસિંહજી અટોદરિયા, શ્રી નીલભાઈ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, પ્રદેશ ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપના પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લા સહિતના અગ્રણીઓ અને હોદેદારોએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

વાપીના શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ખાતેથી આ પદયાત્રાનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ આ પદયાત્રા અંબામાતા મંદિર સર્કલ, જ્ઞાનધામ સ્કૂલ, રોટરી સર્કલ, ઉમિયા ચોક અને વંદે માતરમ્ ચોક થઈને પુનઃશ્રી શ્યામજી કૃષ્ણ વર્મા ચોક ખાતે સમાપન થઈ હતી. આ પદયાત્રામાં હજારોની સંખ્યામાં પક્ષના કાર્યકર્તાઓ અને સ્થાનિક નાગરિકો જોડાયા હતા.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી શ્રી પ્રશાંતભાઈ કોરાટે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાસે હાલ કોઈ નક્કર મુદ્દાઓ રહ્યા નથી, જેથી તેઓ દેશની જનતાને ગેરમાર્ગે દોરવાના નિષ્ફળ પ્રયાસો કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, દેશની પ્રજાને વડાપ્રધાન શ્રી

-વધુ પેજ નં.૭ પર

વલસાડની દીકરી જયવી ભાનુશાલીની કૂડો સ્પર્ધામાં ડબલ ધમાકેદાર સિદ્ધિ

આંતરરાષ્ટ્રીય કૂડો ટુર્નામેન્ટમાં ગોલ્ડ જ્યારે નેશનલ ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતી વધાર્યું પરિવાર, સમાજ અને વલસાડનું ગૌરવ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

નાની ઉંમરે જ રમતગમતના ક્ષેત્રમાં પોતાની પ્રતિભાનો પરિચય આપતી વલસાડની દીકરીએ અમદાવાદ ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત કૂડો સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કરીને બે મેડલ પોતાના નામે કર્યા છે. જયવીએ આંતરરાષ્ટ્રીય કૂડો ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રીય કૂડો ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી વલસાડનું નામ રોશન કર્યું છે.

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૨થી ૧૭ નવેમ્બર દરમિયાન યોજાયેલી આ સ્પર્ધાઓમાં જયવી કરન ભાનુશાલીએ અદ્‌ભૂત રમતકૌશલ્ય, સાહસ, શિસ્ત અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું હતું. જેમાં ૧૮મી અક્ષય કુમાર ઇન્ટરનેશનલ કૂડો ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭માં U-11 ગર્લ્સ, ૩૩ કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ જ્યારે ૧૭મી કૂડો નેશનલ ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭માં આ જ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતીને બેવડી સફળતા પ્રાપ્ત કરી હતી.

આ ભવ્ય સ્પર્ધામાં દેશભરમાંથી અંદાજે ૫,૪૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. કૂડો ઇન્ડિયાના ચેરમેન અક્ષય કુમાર, શિહાન વિસ્પી ખરાડી અને હેન્સી મેહુલ વોરાના માર્ગદર્શન અને સહયોગ સાથે કીફી એસોસિએશન તથા યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના સહયોગથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શ્રી અક્ષય કુમાર, ભૂમિ પેડનેકર સહિતના મહાનુભાવો અને અન્ય અગ્રણી વ્યક્તિઓની ઉપસ્થિતિએ સ્પર્ધાની શોભામાં વધારો કર્યો હતો.

જયવી છેલ્લા ચાર વર્ષથી વલસાડ સ્પોર્ટ્સ સેન્ટર, નગરપાલિકા ખાતે પોતાના કોચ સેન્સેઈ તરુણ ઢીમ્મરના માર્ગદર્શન હેઠળ કૂડો રમતની તાલીમ લઈ રહી છે. સખત મહેનત અને રમત પ્રત્યેની અખૂટ લગનના પરિણામે જયવીએ નાની ઉંમરે જ આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. જયવીની આ સફળતા પાછળ માતા દૃષ્ટિનો સિંહફાળો રહ્યો છે. સાથે જ પિતાની પ્રેરણા, પરિવારનો સહયોગ અને કોચનું અમૂલ્ય માર્ગદર્શન પણ મહત્વપૂર્ણ રહ્યું છે.

જયવીની આ સિદ્ધિથી પરિવારજનો, મિત્રો, કચ્છી ભાનુશાલી સમાજ અને વલસાડમાં આનંદ તથા ગૌરવની લાગણી પ્રસરી છે. જયવી ભવિષ્યમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ ઊંચી સિદ્ધિઓ હાંસલ કરી ભારત માટે મેડલ જીતી દેશનું નામ વિશ્વભરમાં રોશન કરે તેવી સૌ કોઈએ હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી છે.

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે 'બાળ સપ્તાહ'ની ઉત્સાહભેર ઉજવણી

અંધશ્રદ્ધા નિવારણ નિદર્શન કાર્યક્રમમાં ચમત્કારિક લાગતી ઘટનાઓ પાછળ રહેલાં વૈજ્ઞાનિક કારણો સમજાવાયા

બાળકોને વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી વિજ્ઞાનને રસપ્રદ અને પ્રાયોગિક રીતે સમજવાની તક મળી





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા તા.૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન બાળ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષની ઉજવણીની થીમ "My Day. My Rights. My Future." રાખવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા અને જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થાય તે હેતુથી વિવિધ રસપ્રદ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં Make & Take Science Toys પ્રવૃત્તિ અંતર્ગત બાળકોએ જાતે વિવિધ વિજ્ઞાન આધારિત રમકડાં બનાવ્યાં હતાં. જેમાં પિંજરામાં પક્ષી, સ્ટ્રોમાંથી વ્હિસલ અને સ્ટ્રો સ્પ્રિંકલર બનાવવાની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ સરળ સામગ્રીનો ઉપયોગ કરીને રમકડાં બનાવવાની સાથે તેની પાછળ રહેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રાયોગિક રીતે સમજ્યા હતા.

પઝલ ગેમ્સ પ્રવૃત્તિ દ્વારા બાળકોની તાર્કિક વિચારશક્તિ, એકાગ્રતા અને સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અંધશ્રદ્ધા નિવારણ નિદર્શન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વૈજ્ઞાનિક નિદર્શનો દ્વારા ચમત્કારિક લાગતી ઘટનાઓ પાછળ રહેલાં વૈજ્ઞાનિક કારણો અને સિદ્ધાંતો સમજાવવામાં આવ્યાં હતાં. આ પ્રવૃત્તિનો હેતુ બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવવા તેમજ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ ઉપરાંત સમગ્ર સપ્તાહ દરમિયાન આધુનિક ટેલિસ્કોપની મદદથી સુરક્ષિત સોલર ફિલ્ટરનો ઉપયોગ કરીને સૂર્યકલંકાનું અવલોકન કરાવવામાં આવ્યું હતું. સાથે સાથે જ ચંદ્ર અને શનિ ગ્રહનું પણ ટેલિસ્કોપ દ્વારા અવલોકન કરાવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોએ સૂર્ય, તેની સપાટી પર જોવા મળતા સૂર્યકલંકો, ચંદ્ર અને શનિ ગ્રહ વિશે મહત્વપૂર્ણ જાણકારી મેળવી હતી. આકાશદર્શન કાર્યક્રમ અંતર્ગત સહભાગીઓને વિવિધ ખગોળીય પિંડોનું પ્રત્યક્ષ અવલોકન કરવાનો અનોખો અનુભવ પ્રાપ્ત થયો હતો.

સમગ્ર સપ્તાહ દરમિયાન બાળકો અને પરિવારજનો ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉજવણી દ્વારા સહભાગીઓને વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી વિજ્ઞાનને રસપ્રદ અને પ્રાયોગિક રીતે સમજવાની તક મળી હતી. જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

વાપીના છરવાડાથી ૧૮ વર્ષીય યુવતી ગુમ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

વાપીના છરવાડા, ખોડીયાર નગર, સંતોષ પાટીલની ચાલીમાં, રૂમ નં. ૦૪ ખાતે રહેતા ૧૮ વર્ષીય યોગીતા નિતીન પાટીલ (મૂળ રહે.-ચીખલી, પોસ્ટ-ઘોડસગાંવ, તા-મુકતાઈ નગર, થાના-મુકતાઈ નગર, જિ-જળગાંવ, મહારાષ્ટ્ર) તા.૨૯/૧૦/૨૬ના રોજ મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યાના અરસામાં પોતાના કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજ દિન સુધી પરત ફર્યા નથી. તેમની આસપાસના વિસ્તારમાં તેમજ સગા સંબંધીઓને ત્યાં તપાસ કરતાં પણ કોઈ ભાળ મળી નથી. ગુમ યોગીતા પાતળા બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૧ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે વાદળી કલરનું સફેદ ફૂલવાળું ટોપ, કાળા કલરનો જીન્સનો પેન્ટ અને સફેદ કલરના શૂઝ પહેરેલા હતા. તેઓ મરાઠી અને હિંદી ભાષા જાણે છે. જે કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૭૯૯૦૯૮૭૩૭૪, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપીના ડુંગરાથી ૨૦ વર્ષીય યુવતી ગુમ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૯

વાપીના ડુંગરા, ડુંગરી, શશીભાઈની ચાલમાં, રૂમ નં.૦૨ ખાતે રહેતા ૨૦ વર્ષીય મધુ ભગેલુ કુશવાહ(મૂળ રહે.ખૈરટવા, પોસ્ટ-ચુરાપાલે, થાના-કમનગંજ, તા-હાટા, જિ-કુશીનગર. ઉત્તરપ્રદેશ) તા. ૦૭/૧૦/૨૬ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાના અરસામાં પોતાના કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજ દિન સુધી પરત ફર્યા નથી. તેમની આસપાસના વિસ્તારમાં તેમજ સગા સંબંધીઓને ત્યાં તપાસ કરતાં પણ કોઈ ભાળ મળી નથી. ગુમ મધુ પાતળા બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે ગુલાબી કલરનો સલવાર સુટ પહેરેલો હતો. તેઓ હિંદી ભાષા જાણે છે. જે કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૯૮૭૯૭૧૯૪૯૫, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપીના ડુંગરાથી ૧૮ વર્ષીય યુવતી ગુમ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ,તા.૧૯

વાપીના ડુંગરા, દમણગંગા ગેટ નં.૦૧, બિરેન્દ્ર ઝાની ચાલમાં, રૂમ નં.૧૧૨ ખાતે રહેતા ૧૮ વર્ષીય સાવિત્રી વીર જાતે (મૂળ રહે.કાટર, પો.રીવુના, થાના.રીવુના, તા-ધાટમપુર, જિ-કાનપુર, ઉત્તરપ્રદેશ) તા.૦૯/૧૧/૨૬ના રોજ મધ્યરાત્રિના ૦૧:૩૦ વાગ્યાના અરસામાં પોતાના કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજ દિન સુધી પરત ફર્યા નથી. તેમની આસપાસના વિસ્તારમાં તેમજ સગા સંબંધીઓને ત્યાં તપાસ કરતાં પણ કોઈ ભાળ મળી નથી. ગુમ સાવિત્રિ પાતળા બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે ગુલાબી કલરની કુર્તી પહેરેલી હતી. તેઓ હિંદી ભાષા જાણે છે. જે કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૯૯૦૫૦૭૧૨૨૭, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપી સાંઈબાબા મંદિર પાસે ગોડાઉનમાં ભીષણ આગ લાગતા સર્જાયેલો અફરાતફરીનો માહોલ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૯

વાપી ટાઉનમાં સાંઈબાબા મંદિર પાસે આવેલ એક ગોડાઉનમાં આજે ગુરુવારે ૧૧ વાગ્યાના સુમારે ભીષણ આગ લાગી હતી. આગના બનાવને લઈને સ્થાનિક વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ છવાયો હતો.

વાપી ટાઉનમાં સાંઈબાબા મંદિર પાસે એક કાર્યરત ગોડાઉનમાં આજે ૧૧ વાગ્યાના સુમારે અચાનક ભીષણ આગ લાગી હતી. આગ વિકરાળ



હોવાથી ઘુવાડાના ગોટે ગોટાના વાતાવરણમાં ઊંચે સુધી ફેલાયો તથા ઘટનાની જાણ થતા મનપા ફાયર બ્રિગેડને કરવામાં આવતા ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની ભારે જહેમત ઉઠાવીને આગ બુઝાવી હતી. આગના બનાવમાં કોઈ જાનહાની કે ઈજા થવા પામેલ નથી. પરંતુ આગને લઈ સરસામાન લાખોનો ખાખ થઈ ગયો હતો. થોડાક સમય મેઈન રોડ ઉપરનો વાહન વહેવાર થંભી ગયો હતો.

કાવ્યાનુભૂતિ

જુદું હોય છે.

હોય સમાનતા ભલે દરેકનું ગમવું જુદું હોય છે
હાથ જોડે, માથુ ટેકવે દરેકનું નમવું જુદુ હોય છે

પ્રવાસના શોખીન હોય અહીં ઘણાબધા
એક યાત્રા છતાં દરેકનું ભમવુ જુદું હોય છે

વળી, થાળીમાં પીરસાય સમાન વાનગીઓ
એકસાથે બેસનાર દરેકનું જમવું જુદું હોય છે

રમત એક સાથી રમતના મળી જાય ઝાઝા
એમાંય જોજો દરેકનું રમવું જુદું હોય છે.

કેટલાંક શાંત રહે તો કેટલાંક બોલીય નાખે
જીવન છે ભાઈ એમાં દરેકનું ખમવું જુદું હોય છે.



પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ
(પ્રાંજલ)
વ્યવસાયઃ પ્રાથમિક શિક્ષક,
પારડી કન્યાશાળા નં-૧,
કિલ્લાઃ પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી.,
એમ.એ બી.એડ.

આ કાવ્યમાં કવયિત્રીએ જીવનનું એક ખૂબ જ સાદું પણ સાવ સાચું સત્ય રજૂ કર્યું છે. બહારથી જોતાં આપણને બધું એકસરખું લાગે છે, બધા એકસરખું જ કરતા લાગે છે, પણ ખરેખર દરેક માણસ અંદરથી જુદો હોય છે. દરેકનું મન, તેની લાગણી, તેનો સ્વભાવ અને તેના અનુભવો જુદા હોય છે. એટલે જ કવયિત્રી કહે છે કે સમાનતા હોય છતાં દરેકનું ગમવું જુદું હોય છે. કોઈને એક વસ્તુ ખૂબ ગમે તો બીજાને એ જ વસ્તુ બિલકુલ ન ગમે. આ જુદાપણું જ માણસને માણસ બનાવે છે.

એ જ વાતને કવયિત્રી ભક્તિ અને શ્રદ્ધાના ઉદાહરણથી સમજાવે છે. મંદિરમાં બધા હાથ જોડે છે, માથું ટેકવે છે, બધા સરખા જ દેખાય છે, પણ દરેકનું નમવું જુદું હોય છે. કોઈ ડરથી નમે છે, કોઈ પ્રેમથી નમે છે, કોઈ માનતા માનીને નમે છે, તો કોઈ માત્ર શાંતિ મેળવવા માટે નમે છે. બહારની ક્રિયા એક જ છે, પણ અંદરનો ભાવ દરેકનો પોતાનો અલગ છે. આમ કવયિત્રી કહેવા માંગે છે કે માણસને તેની બહારની ક્રિયાથી નહીં, પણ તેના અંદરના ભાવથી ઓળખવો જોઈએ.

ત્યારબાદ કવયિત્રી રોજિંદા જીવનના બે ખૂબ સરસ ઉદાહરણો આપે છે. પ્રવાસના શોખીન તો ઘણા હોય છે, બધા એક જ યાત્રા પર સાથે જાય છે, એક જ રસ્તે ચાલે છે, એક જ સ્થળ જુએ છે, છતાં દરેકનું ફરવું જુદું હોય છે. કોઈ ફોટા પાડવામાં મશગૂલ હોય, કોઈ પ્રકૃતિને નીરખવામાં, તો કોઈ લોકોને સમજવામાં. એ જ રીતે એક જ થાળીમાં સરખી વાનગીઓ પીરસાય છે, બધા સાથે બેસીને જમે છે, છતાં દરેકનું જમવું જુદું હોય છે. કોઈ સ્વાદ માણીને જમે છે, કોઈ ઉતાવળે જમે છે, તો કોઈ માત્ર પેટ ભરવા માટે જમે છે.

રમતના ઉદાહરણથી આ વાતને વધુ સ્પષ્ટ કરવામાં આવી છે. રમત એક જ હોય, રમનારા સાથી પણ એક જ હોય, છતાં દરેકનું રમવું જુદું હોય છે. કોઈ જીતવા માટે આખી તાકાત લગાવી દે છે, તો કોઈ માત્ર મજા અને આનંદ માટે રમે છે. કોઈ હારને પણ હસીને સ્વીકારે છે, તો કોઈ નાની હારથી પણ નિરાશ થઈ જાય છે. આ બતાવે છે કે એક જ પરિસ્થિતિમાં પણ દરેક માણસનો પ્રતિભાવ તેના સ્વભાવ પ્રમાણે જુદો જ હોય છે.

અંતે કવયિત્રી જીવનના સૌથી ઊંડા સત્ય સુધી પહોંચે છે. જીવનમાં દુઃખ, તકલીફ અને સંઘર્ષ આવે ત્યારે કેટલાક લોકો બધું મનમાં રાખીને શાંત રહે છે, તો કેટલાક બોલીને, રડીને પોતાનું મન હળવું કરી નાખે છે. એટલે જીવનમાં દરેકનું સહન કરવું પણ જુદું હોય છે. આ કાવ્ય આપણને એ શીખવે છે કે આપણે કોઈને બીજા સાથે સરખાવવું ન જોઈએ. દરેક માણસ પોતાની રીતે જુદો છે અને આ જુદાપણું જ જીવનની સાચી સુંદરતા છે.

આંબા અને ચીકુના પાકમાં રોગ-જીવાત નિયંત્રણ તથા ખાતર વ્યવસ્થાપન અંગે

નવસારીના નવાગામ ખાતે ખેડૂત તાલીમ શિબિર યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૧૯

નવસારી તાલુકાના નવાગામ ખાતે રામેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, નવસારી દ્વારા 'આંબા અને ચીકુના પાકમાં સંકલિત રોગ-જીવાત નિયંત્રણ અને ખાતર વ્યવસ્થાપન' વિષય પર એક દિવસીય પરિસંવાદ અને ખેડૂત તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આંબા અને ચીકુના પાકમાં થતાં વિવિધ રોગ-જીવાત, તેમના સંકલિત નિયંત્રણના ઉપાયો, ખાતર વ્યવસ્થાપન તથા આધુનિક ખેતી પદ્ધતિઓ અંગે ઉપસ્થિત ખેડૂતોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ તાલીમ શિબિર કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, નિવૃત્ત શિક્ષણ નિયામકશ્રી તથા ઉત્સાહી શ્રી આર.બી.પટેલના આયોજન અને સહયોગથી યોજાઈ હતી. શિબિરમાં અબ્રામા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી બીપીનભાઈ નાયકે આંબા અને ચીકુના પાકમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ અભિગમો તથા તેના લાભો અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

-વધુ પેજ નં.૭ પર